dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 26 | AD - 2024, Aaso Vad -10 | Saturday, Dt.26-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## વિશ્વ તણાવ, સંઘર્ષ અને અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યું છે ત્યારે ભારત અને જર્મની વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી

# ભારત-જર્મની મિત્રતા નવા સ્તરે પહોંચી છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

પીએમ મોદીના નેતૃત્વમાં ભારત-જર્મની મિત્રતા સતત નવી ઊંચાઈઓ હાંસલ કરી રહી છે. આનો પુરાવો જર્મન ચાન્સેલરની તેમના કાર્યકાળ દરમિયાન ભારતની સતત ત્રીજી મુલાકાત છે. ઓલાફ સ્કોલ્ઝ આ દિવસોમાં નવી દિલ્હીની મુલાકાતે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે જ્યારે વિશ્વ તણાવ, સંઘર્ષ અને અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યું છે ત્યારે ભારત અને જર્મની વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી એક મજબૂત સમર્થન તરીકે ઉભરી આવી છે. જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ સાથે સાતમી આંતર-સરકારી પરામર્શ બેઠકમાં ભાગ લેતા મોદીએ કહ્યું કે ભારત-જર્મની સંબંધો વિનિમયનો સંબંધ નથી પરંતુ બે સક્ષમ અને મજબૂત લોકશાહીની પરિવર્તનકારી ભાગીદારી છે.

પીએમ મોદીએ કહ્યું, "દુનિયા તણાવ, સંઘર્ષ અને અનિશ્ચિતતાના સમયગાળામાંથી પસાર થઈ રહી છે. ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં કાયદાના શાસન અને નેવિગેશનની સ્વતંત્રતા અંગે ગંભીર ચિંતાઓ છે. આ સમયમાં ભારત અને જર્મની વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત ટેકા તરીકે ઉભરી આવી છે.'' વડાપ્રધાને કહ્યું કે સ્કોલ્ઝની ભારતની આ ત્રીજી મુલાકાત છે. જે ભારત અને જર્મની વચ્ચેની મિત્રતાના 'ટ્રિપલ સેલિબ્રેશન'ને ચિહ્નિત કરે છે. તેમણે કહ્યું, "૨૦૨૨ માં બર્લિનમાં છેલ્લી આઈજીસીમાં, અમે અમારા દ્વિપક્ષીય સહયોગ માટે મહત્વપૂર્ણ નિર્ણયો લીધા હતા. બે વર્ષમાં અમારા વ્યૂહાત્મક સંબંધોના વિવિધ ક્ષેત્રોમાં પ્રોત્સાહક પ્રગતિ થઈ છે.

ભારત અને જર્મની વચ્ચેની મિત્રતા માત્ર સંરક્ષણ પુરતી મર્યાદિત નથી, બલ્કે બંને દેશોએ ટેક્નોલોજીથી લઈને ઉર્જા સુધીના ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ ભાગીદારી વિકસાવી છે. સંરક્ષણ, ટેકનોલોજી, ઉર્જા, હરિયાળી અને ટકાઉ વિકાસ જેવા ક્ષેત્રોમાં આ વધતા સહકારથી પરસ્પર વિશ્વાસમાં વધારો થયો છે. વડાપ્રધાન મોદીએ પણ જર્મની દ્વારા જાહેર કરાયેલ 'ભારત પર ફોકસ' વ્યૂહરચનાનું સ્વાગત કર્યું હતું. "મને આનંદ છે કે અમે અમારી ભાગીદારીને વિસ્તૃત કરવા અને 'સમગ્ર સરકાર'થી સમગ્ર રાષ્ટ્રના અભિગમ તરફ આગળ વધીએ છીએ, આઈજીસી એ દ્વિવાર્ષિક કવાયત છે અને હતી છેલ્લે મે ૨૦૨૨ માં બર્લિનમાં આયોજન



કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન મોદી અને જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ વચ્ચેની બેઠકમાં જર્મન-ભારતીય ગ્રીન એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પાર્ટનરશિપ પર સહમતિ સધાઈ હતી. આઈજીસીની શરૂઆત ૨૦૧૧માં કરવામાં આવી હતી. તે સહકારની વ્યાપક સમીક્ષા કરે છે અને વિવિધ ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે જોડાણના નવા ક્ષેત્રોને ઓળખે છે. જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ ભારતની ૩ દિવસની મુલાકાતે છે, તેઓ ૭મી આઈજીસી (ઈન્ટર ગવર્નમેન્ટલ કન્સલ્ટેશન) માટે ગુરુવારે મોડી સાંજે દિલ્હી પહોંચ્યા હતા. છેલ્લા બે વર્ષમાં આ તેમની ત્રીજી ભારત મુલાકાત છે. ગયા વર્ષે તેઓ બે વખત ભારત આવ્યા હતા, ફેબ્રુઆરી ૨૦૨૩માં તેઓ ભારતની દ્વિપક્ષીય મુલાકાતે હતા અને સપ્ટેમ્બરમાં તેમણે ભારતની અધ્યક્ષતામાં યોજાયેલી જી૨૦ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. ભારત અને જર્મની વચ્ચેના રાજદ્વારી સંબંધો લગભગ ૭ દાયકા જૂના છે. બીજા વિશ્વયુદ્ધ પછી જર્મની સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કરનાર ભારત પ્રથમ દેશોમાંનો એક હતો. બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીની શરૂઆત મે ૨૦૦૦માં થઈ હતી, જે ૨૦૧૧માં 'ઈન્ટર-ગવર્નમેન્ટલ કન્સલ્ટેશન્સ'ની શરૂઆતથી મજબૂત બની હતી. ભારત એવા કેટલાક દેશોમાંનો એક છે જેની સાથે જર્મનીએ સંવાદ યંત્રણા સ્થાપી છે.

વેપાર સંબંધોની વાત કરીએ તો, જર્મની ૨૦૨૨-૨૩માં ભારતનું ૧૨મું વેપારી ભાગીદાર હતું. આ સમયગાળા દરમિયાન જર્મનીના કુલ વિદેશી વેપારમાં ભારતનો હિસ્સો એક ટકા હતો. જ્યારે ભારતના કુલ વિદેશી વેપારમાં જર્મનીનું યોગદાન ૨.૨૪ ટકા છે. કોરોના મહામારી પહેલા બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર રેકોર્ડ સ્તરે પહોંચી ગયો હતો. ૨૦૧૮-૧૯માં ભારત અને જર્મની વચ્ચે ૨૪ અબજ ડોલરનો રેકોર્ડ વેપાર થયો હતો. કોરોના મહામારી દરમિયાન પણ બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધતો રહ્યો, જે ૨૦૨૨-૨૩માં વધીને $૨૬૦૦ કરોડ થઈ ગયો. જર્મનીની અર્થવ્યવસ્થા હાલમાં મંદીની ચપેટમાં છે. તેને દૂર કરવા માટે તેને ભારત જેવા ઝડપથી વિકસતા અર્થતંત્રના સમર્થનની જરૂર છે. ભારત એશિયા-પેસિફિક ક્ષેત્રમાં જર્મની માટે એક મુખ્ય ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે, જે માત્ર આર્થિક વિકાસ માટે જ નહીં પરંતુ પ્રાદેશિક સુરક્ષા માટે પણ મદદરૂપ સાબિત થશે. હાલમાં ચીન જર્મનીનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે, પરંતુ યુરોપિયન યુનિયન અને ચીન વચ્ચે ચાલી રહેલા વેપાર વિવાદથી જર્મની ચિંતિત છે. વર્ષ ૨૦૨૨માં ભારતમાં જર્મનીનું સીધું રોકાણ રૂ. ૨૬૦૦ કરોડનું થશે, જે ચીનમાં જર્મનીના રોકાણની સરખામણીમાં માત્ર ૨૦ ટકા છે. જર્મનીને આશા છે કે આ દાયકાના અંત સુધીમાં તે ઓછામાં ઓછા ૪૦ ટકા સુધી પહોંચી શકે છે. કારણ કે ચીન પર વધુ પડતી નિર્ભરતા ફરીથી ૨૦૨૨ની જેમ જર્મનીને મોટો ફટકો આપી શકે છે, જ્યારે ગેસ માટે રશિયા પર તેની નિર્ભરતાને લીધે યુક્રેન યુદ્ધથી ભારે નુકસાન થયું હતું.




# લેન્ડફોલ બાદ દાના વધુ વિકરાળ બન્યું, સાત રાજ્યો વાવાઝોડાની ઝપેટમાં

(એ.આર.એલ),ભુવનેશ્વર,તા.૨૫

ભીષણ ચક્રવાતી તોફાન દાના મોડી રાતે ઓડિશાના કાંઠે ત્રાટક્યું હતું. ઓડિશાના ધામરા અને ભિતરકનિકા પાસે તોફાન ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પસાર થયું. તોફાનના કારણે ઓડિશા અને બંગાળના અનેક વિસ્તારો આંધી તોફાનની ઝપેટમાં છે. ભારે વરસાદ પડી રહ્યો છે. પવન ફૂંકાવાના કારણે ઝાડ ઉખડી ગયા છે. તોફાન અંગે ઓડિશા અને બંગાળમાં એનડીઆરએફની ટીમો હાઈ એલર્ટ પર છે. ભારતીય હવામાન વિભાગની લેટેસ્ટ માહિતી મુજબ દાના ગઈકાલે સવારે ૭.૩૦ વાગે ધામરાથી



લગભગ ૩૦ કિમી ઉત્તર-ઉત્તર પશ્ચિમ અને હબલીખાતી નેચર કેંપ (ભિતરકનીકા)થી ૫૦ કિમી ઉત્તર-ઉત્તર પશ્ચિમમાં કેન્દ્રીત થયું હતું. તોફાન ત્રાટક્યા બાદથી જ ઓડિશામાં ભારે પવન ફૂંકાઈ રહ્યો છે. મૂશળધાર વરસાદ પડી રહ્યો છે. અત્રે જણાવવાનું કે ઓ તોફાનની અસર ઓડિશા ઉપરાંત ૬ અન્ય રાજ્યોમાં પણ જોવા મળી શકે છે. આ તમામ રાજ્યોમાં તોફાનને પહોંચી વળવાની તૈયારીઓ થઈ છે.


# ભારતીય રાજદ્વારી સંજય વર્માએ કેનેડા પર કર્યા આકરા પ્રહાર

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

કેનેડામાં વરિષ્ઠ ભારતીય રાજદ્વારી સંજય વર્માએ કેનેડા પર જોરદાર નિશાન સાધ્યું છે. કેનેડાની ટ્રૂડો સરકાર પર બેવડા ધોરણો અપનાવવાનો આરોપ લગાવતા તેમણે કહ્યું કે કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદીઓ અને ઉગ્રવાદીઓને આશ્રય આપવામાં આવે છે. એક મીડિયા ઓર્ગેનાઈઝેશનને ઈન્ટરવ્યુ આપતી વખતે, તેણે ખુલ્લેઆમ વાત કરી કે કેનેડામાં કેવી રીતે ખાલિસ્તાની આતંકવાદીઓ કામ કરે છે અને ભારતીય વિદ્યાર્થીઓની ભરતી કરે છે. તેમણે કહ્યું કે કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદીઓ ભારતીય વિદ્યાર્થીઓને પૈસા અને ખોરાકની લાલચ આપીને તેમના જૂથમાં ભરતી કરે છે. તેમણે કહ્યું કે ત્યાં ભણવા જતા વિદ્યાર્થીઓના વાલીઓએ તેમના પર નજર રાખવી જોઈએ. ભારતના પાછા બોલાવવામાં આવેલા હાઈ કમિશનર સંજય વર્માએ કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદીઓ કેવી રીતે કામ કરે છે અને ભારતીય વિદ્યાર્થીઓની ભરતી કરે છે તે અંગે ખુલાસો કર્યો હતો.




# કેનેડાનાં ટોરેન્ટોમાં ભયાનક અકસ્માતમાં ૪ ભારતીયોનાં મોત



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

કેનેડાના ટોરેન્ટોમાં ભયાનક અકસ્માતમાં ૪ ભારતીયોના મોત નિપજ્યા છે, આ દુર્ઘટનામાં ત્રણ ગુજરાતના અને એક મહારાષ્ટ્રનો યુવાન છે. બોરસદના પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમારના ભાણેજ જયરાજસિંહ સિસોદિયા અને લુણાવાડાના કેતા સંજયસિંહ ગોહિલ અને નીલરાજ સંજયસિંહ ગોહિલ અને મહારાષ્ટ્રના દિગ્વિજયનું મોત નિપજ્યું હતું, જો કે અન્ય યુવતીનો બચાવ થયો હતો. યુવતીને ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવી હતી. આ જીવલેણ અકસ્માત ચેરી સ્ટ્રીટ નજીક લેક શોર બુલવાર્ડ ઈ પર બપોરે ૧૨:૧૦ વાગ્યે થયો હતો. ટોરેન્ટો પોલીસે અકસ્માત મામલે સમગ્ર જાણકારી આપી હતી. મળતા અહેવાલ પ્રમાણે કાર પુરઝડપે જઈ રહી હતી. આ કારમાં ૫ ભારતીયો સવાર હતા. કાર ચલાવનાર યુવાને સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવ્યો અને રેલીંગ સાથે ધડાકાભેર ટક્કર થઈ હતી. ઘટના બાદ કારમાં આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં ૪ લોકો જીવતા ભડથું થયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે મૃતદેહો કાર સાથે ચોંટી ગયા હતા. અગ્નિશામક દળના જવાનોએ આગ બુઝાવ્યા પછી મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યા હતા.

જે યુવતીનો આ અકસ્માતમાં બચાવ થયો છે, તે પણ હાલ હોસ્પિટલમાં જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે. બોરસદના ૧૦૦ ફૂટ રોડ પર આવેલી સોસાયટીમાં રહેતા જયરાજસિંહ સિસોદિયાનું પણ આ ભયાનક અકસ્માતમાં કરૂણ મોત નિપજ્યું છે. જયરાજસિંહ સિસોદિયા છેલ્લા કેટલાક સમયથી કેનેડામાં વસવાટ કરતા હતા.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૨૬-૧૦-૨૦૨૪

# બાબરા તાલુકામાં અતિવૃષ્ટિ સહાય મુદ્દે કોંગ્રેસ-આપનું વિરોધ પ્રદર્શન

## કોંગ્રેસ-આપ દ્વારા સંયુક્ત રેલી, વિરજી ઠુંમરની આગેવાનીમાં રાજ્યપાલને આવેદનપત્ર

બાબરા, તા.૨૫

અતિવૃષ્ટિ સહાય પેકેજમાંથી અમરેલી જિલ્લાને બાકાત રખાતા બાબરા તાલુકામાં આજે તાલુકા કોંગ્રેસ સમિતિ અને આમ આદમી પાર્ટી દ્વારા સંયુક્ત રીતે વિશાળ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરની આગેવાની હેઠળ ×ભાજપ હાય હાય× અને ×ખેડૂતોને બરબાદ કર્યા×ના સૂત્રોચાર સાથે મામલતદાર કચેરી સુધી રેલી યોજાઈ હતી. તાલુકાના ૫૮ ગામોમાં અતિવૃષ્ટિથી થયેલા નુકસાન અંગે રાજ્યપાલને સંબોધીને આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવાયું હતું કે ઓગસ્ટ માસથી અત્યાર સુધી થયેલા વરસાદથી ખેતી પાકો અને મિલકતોને ભારે નુકસાન



થયું છે. સરકાર દ્વારા જાહેર કરાયેલા પેકેજમાં માત્ર ઓગસ્ટ માસ સુધીના નુકસાનનો સમાવેશ કરાયો છે, જે ખેડૂતો સાથે અન્યાય સમાન છે. પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરે સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું કે, ×ઉદ્યોગપતિઓના કરજ માફ કરનારી સરકાર ખેડૂતો માટે નિર્દય બની છે.× તેમણે વીજળી કનેક્શન, રસ્તાઓ, શિક્ષણ, આરોગ્ય સહિતની સમસ્યાઓ તરફ ધ્યાન દોર્યું હતું. કાર્યક્રમમાં તાલુકા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના પ્રમુખો જસમતભાઈ ચોવટિયા, કૌશિકભાઈ ભરાડ સહિત બાવાલાલ હિરપરા, વિવેકભાઈ સાકરિયા, રાજુભાઈ ખાત્રોજા તેમજ ૨૦૦થી વધુ ખેડૂત આગેવાનો, સરપંચો અને શહેર આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડા ફોડવા અંગે સલામતી રાખવી, માર્ગદર્શિકાનું પાલન કરવા અનુરોધ

અમરેલી, તા.૨૫

આગામી દિવાળી તહેવાર નિમિત્તે ફટાકડા ફોડવા અંગે સલામતીના ભાગરૂપે તકેદારી રાખવી આવશ્યક છે. હંમેશા લાયસન્સ ધરાવતી દુકાનેથી જ ફટાકડા ખરીદવા, ફટાકડા બંધ ખોખામાં રાખવા, ફટાકડા સળગી ઊઠે તેવી કે, સળગતી વસ્તુઓથી દૂર રાખવા, ફટાકડા સાથે સૂચવેલ સલામતીની તમામ સૂચનાઓનું પાલન અને ચુસ્તપણે અમલ કરવો, ફટાકડા રમતના મેદાનમાં કે ખેતર જેવી ખુલ્લી જગ્યામાં ફોડવા, ફટાકડા સળગાવતી વખતે થોડું અંતર રાખવું, ઉપયોગ થયેલ ફટાકડાને પાણી ભરેલી ડોલમાં નાંખવા, દાઝી જવાના કિસ્સામાં પાણી ભરેલી ડોલ અથવા ધાબળા જેવી વસ્તુ તૈયાર રાખવી અથવા જાડા અને સુતરાઉ કપડા પહેરવા તેમ છતાં આગ પકડી લે તો જમીન પર આડા પડીને આળોટવું તેમજ આગ ઓલવાય નહિ ત્યાં સુધી ધાબળાને લપેટી રાખવો, ઈજાગ્રસ્તને દાઝી જવાથી બળતરા થતી હોય તો તેના પર સૂકા જંતુમુક્ત કરેલા ચોંટી ન જાય તેવા પાટાનો ઉપયોગ કરવો અથવા બરફનું પાણી રેડવું યોગ્ય તબીબી સારવાર માટે બને તેટલી ઝડપથી ડોકટરનો સંપર્ક કરવો.

# દિવાળી પર્વ નિમિત્તે અમરેલી માર્કેટયાર્ડમાં આઠ દિવસ રજા જાહેર

## ૨૯ ઓક્ટોબરથી ૫ નવેમ્બર સુધી બંધ રહેશે તમામ કામકાજ

અમરેલી, તા.૨૫

અમરેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિએ આગામી દિવાળી પર્વને અનુલક્ષીને મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. માર્કેટયાર્ડના સત્તાવાર સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે કે તા.૨૯ ઓક્ટોબરથી તા.૫ નવેમ્બર સુધી માર્કેટયાર્ડનું તમામ કામકાજ બંધ રહેશે. બજાર સમિતિના સેક્રેટરી દ્વારા જારી કરાયેલ એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, તા.૬ નવેમ્બર (લાભ પાંચમ)થી માર્કેટયાર્ડનું નિયમિત કામકાજ પુનઃ શરૂ થશે. આ દિવસથી લાલ સુકા મરચાંની હરાજી પણ શરૂ કરવામાં આવશે. તમામ ખેડૂતો અને વેપારીઓને પ્રવેશ મળશે જેની દરેક લાગતા-વળગતાઓએ નોંધ લેવા જણાવવામાં આવ્યું છે.

# સામાજિક સેવાના ભાગરૂપે આશ્રમના મહંત શંભુગીરી બાપુની અનોખી પહેલ

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામમાં આવેલા મોમાઈ આશ્રમ દ્વારા એક નોંધપાત્ર સામાજિક કાર્ય કરવામાં આવ્યું છે. આશ્રમના મહંત શંભુગીરી બાપુ છેલ્લા ૩૦ વર્ષથી વિવિધ સામાજિક સેવાઓમાં કાર્યરત છે. તેમની સેવાકીય પ્રવૃત્તિઓના ભાગરૂપે ગાધકડા અને આસપાસના ગામોની ૧૭૫ દીકરીઓને કરિયાવર



આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે સાવરકુંડલા તાલુકાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડિયા, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ભીખાભાઈ ધોરાજીયા, જિલ્લા પંચાયત સભ્ય પુનાભાઈ ગજેરા અને ભાજપ અગ્રણી જયસુખભાઈ સાવલિયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સમાપન સમયે આશ્રમના મહંત શંભુગીરી બાપુએ આ સામાજિક કાર્યમાં સહયોગ આપનાર તમામ દાતાઓ અને ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા તાલુકાના ચારોડિયા ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા.૨૫

રાજુલા તાલુકાના ચારોડિયા ગામે પારદર્શક પ્રશાસન માટે સરકારના દસમાં તબક્કાના સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મામલતદાર ભગીરથભાઈ ચૌહાણ અને તાલુકા વિકાસ અધિકારી ભરતભાઈ કલસરિયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમમાં રાજુલા-ખાંભા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ રમેશભાઈ ડોબરીયા, સરપંચ એસોસિએશન પ્રમુખ મનુભાઈ ધાખડા સહિત આગરીયા સરપંચ પ્રકાશભાઈ ખુમાણ, વડલી સરપંચ મગનભાઈ હરિયા, કુંભારિયા સરપંચ ભરતભાઈ દીપડીયા અને સરપંચ પ્રેમજીભાઈ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની વિશેષ ઉપલબ્ધિ તરીકે કલસ્ટરમાં સમાવિષ્ટ ગામોમાં બીપીએલ યાદીમાં ૦ થી ૨૦ના સ્કોરવાળા ૬૦ વર્ષથી વધુ ઉંમરના લાભાર્થીઓને તાલુકા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ તલાટી કમ મંત્રીઓએ ઘરે-ઘરે જઈને વૃદ્ધ સહાય અને વિધવા સહાયના ફોર્મ ભરાવ્યા હતા. આ અંતર્ગત ૧૦૭ લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે મંજૂરીના હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેવા સેતુ કાર્યક્રમ દરમિયાન સરકારની વિવિધ યોજનાઓનો લાભ સ્થળ પર જ લાભાર્થીઓને આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન તમામ વિભાગોની કુલ ૧૩૮૫ અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા મીઠાઈ અને ફટાકડાનું વિતરણ કરાયું

ચલાલા, તા.૨૫

ચલાલામાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ખાતે પૂ. ડો. રતિદાદા દ્વારા જરૂરિયાતમંદ બાળકો અને દીકરીઓને મીઠાઈ તથા ફટાકડાનું વિતરણ કરાયું હતું. પૂ. ડો. રતિદાદાએ જણાવ્યું હતું કે, આવા સેવાકાર્યમાં દાતાઓનો સહયોગ ખુબ અગત્યનો છે. ઉર્મિલાબેન અરુણભાઈ રૂપારેલીયા - યુ.




કે. તરફથી સહયોગ પ્રાપ્ત થયો હતો. આ સેવા કાર્યને સફળ બનાવવામાં ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, મંજુબા, શીતલબેન મહેતાએ જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલાના માનવમંદિરમાં શ્રી વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ દ્વારા સેવા કાર્ય કરાયા

સાવરકુંડલા, તા.૨૫

દિવાળીના તહેવારો ખૂબ જ નજીક આવી રહ્યા છે ત્યારે સાવરકુંડલામાં શ્રી વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટના પ્રતિનિધિઓ દ્વારા માનવ મંદિરની મુલાકાત લઈને બાળકો સાથે એક નાના બાળક બનીને ફટાકડા ફોડવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ટ્રસ્ટી ચંદ્રેશભાઈ રવાણી



દ્વારા માનવમંદિરે ભક્તિરામ બાપુની નિશ્રામાં હરિના બાળકો સાથે ફટાકડા ફોડીને તેમના વદન પર એક આછેરું સ્મિત લાવવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો.

તેમની સાથે આ કાર્યમાં હસુભાઈ સૂચક, હિતેશ સરૈયા, અશ્વિનભાઈ સાગર, કનુભાઈ ડોડિયા, અશોકભાઈ ખુમાણ, ભાવેશ બગડા, મહેશ મશરૂ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ધારીમાં તાલુકા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું

## આ કાર્યક્રમમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિતના આગેવાનો હાજર રહ્યા

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના માર્ગદર્શન મુજબ બી.આર.



સી. ભવન દ્વારા ધારીમાં તાલુકા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્ય જે.વી. કાકડીયા, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન રમીલાબેન ધોરાજીયા, ઈલાબેન ધીરુભાઈ માયાણી, તાલુકા પંચાયત પ્રમુખ શારદાબેન બકરાણીયા, તાલુકા પંચાયત સભ્યો, જિલ્લા પંચાયત સભ્યો સહિતના આગેવાનો, શિક્ષણ વિભાગના અધિકારીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# બોરાળા ગામ નજીક ખાંભા-ઉના માર્ગ પર ટ્રકચાલકે બેલેન્સ ગુમાવતાં મકાન અસરગ્રસ્ત

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લાના બોરાળા ગામ નજીક ખાંભા-ઉના હાઈવે ઉપર અકસ્માત સર્જાયો છે. ખાંભા તાલુકાના બોરાળા ગામ નજીક પુરપાટ સ્પીડે ટ્રક આવતા ટ્રક ચાલકે બેલેન્સ ગુમાવતા રોડ કાંઠે મકાનની દીવાલમાં ટ્રક ઘૂસી જવાના કારણે અફડાતફડી



મચી ગઈ છે. ટ્રક પુરપાટ સ્પીડે મકાનમાં ઘૂસી જવાના કારણે ટ્રક પલટી ગયો હતો. જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી, ટ્રક ચાલકનો આબાદ બચાવ થયો હતો. દીવાલ ધરાશાયી થવાના કારણે મોટી દુર્ઘટના ટળી છે. આ દુર્ઘટના થતા આજુબાજુનાં સ્થાનિક લોકો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા. હાલ પોલીસે અકસ્માતની ઘટનાને લઈ તપાસ હાથ ધરી ગુનો નોંધવા કાર્યવાહી હાથ ધરી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.

નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એક્સીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવત્તાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલ્ડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# રાજુલા ખૂન કેસના આરોપીઓ પકડાયા, પૂર્વ આયોજિત કાવતરાનો પર્દાફાશ

## રાજુલા પોલીસની સફળ કાર્યવાહી, ગણતરીના દિવસોમાં આરોપીઓ ઝડપાયા



રાજુલા,તા.૨૫

રાજુલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ખૂનના ગુનામાં પોલીસે મહત્વની સફળતા હાંસલ કરી છે. આ ગુનામાં સંડોવાયેલા તમામ આરોપીઓને ગણતરીના દિવસોમાં ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચીને આ ગુનો આચર્યો હતો. ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમાર અને અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહના માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનની ટીમે આ ગુનાના તપાસમાં ઝડપી કાર્યવાહી કરી હતી. પોલીસે આરોપીઓની ધરપકડ કરીને તેમની પાસેથી ગુનામાં વપરાયેલા હથિયારો અને વાહન પણ કબજે કર્યું છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ ગુનો પ્રેમ સંબંધોને લગતો હતો. મૃતક મનુભાઈ ઉર્ફે મામયોના મિત્ર નાગભાઈ દદુભાઈ વણઝર અને આરોપી એકતાબેન હમીરભાઈ લાખણોત્રા વચ્ચે પ્રેમ સંબંધ હતો. આ જ કારણે આરોપીઓએ મનુભાઈની હત્યા કરી હતી. પકડાયેલા આરોપીઓમાં કનુભાઈ બાબુભાઈ લાખણોત્રા, નાગભાઈ વાજસુરભાઈ વાઘ, વિપુલભાઈ મેરાભાઈ કસોટીયા, જયદીપભાઈ કાળુભાઈ ચૌહાણ અને કાળુભાઈ મંગાભાઈ મેરનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલીમાં ફટાકડાના વેચાણ માટે લાયન્સ ક્લબ દ્વારા ત્રણ સ્ટોલનો પ્રારંભ



અમરેલી,તા.૨૫

લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા શહેરમાં રાહત દરે ફટાકડા વેચાણ કરવા માટે ત્રણ સ્ટોલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સ્ટોલનું ઉદઘાટન પૂર્વ લાયન ગવર્નર વસંતભાઈ મોવલિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે પ્રમુખ લાયન રાજેશ વિઠ્ઠલાણી, દિનેશભાઈ ભુવા, કાંતીભાઈ વઘાસીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેલ. આ ત્રણ સ્ટોલ ભીડભંજન મંદિરની બાજુમાં, રેડકોર્નર સિનેમાની બાજુમાં અને લાઠી રોડ પર મઢુલી ભાજીપાંઉની બાજુમાં નહીં નફો નહીં નુકસાનના ધોરણે શરૂ કરવામાં આવેલ છે, જ્યાં ૨ નવેમ્બર સુધી ફટાકડાનું વેચાણ કરાશે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી ખાતે સંકલિત પોષણ વ્યવસ્થાપન તાલીમ સંપન્ન કરાઈ



અમરેલી,તા.૨૫

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી ખાતે ફર્ટિલાઈઝર ડીલર્સ માટે સંકલિત પોષણ વ્યવસ્થાપન અંગેના પંદર દિવસીય તાલીમ કાર્યક્રમનું સફળ સમાપન થયું. તા. ૩૦ સપ્ટેમ્બરથી ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ એગ્રો અને મંડળીઓના ૬૫ ડીલર્સે ભાગ લીધો હતો. તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ યોજાયેલા પ્રમાણપત્ર વિતરણ સમારોહમાં જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. એન. બી. જાદવે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. તેમણે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા અને ખેડૂતોને માટી પરીક્ષણ આધારિત ભલામણ મુજબ રાસાયણિક, જૈવિક ખાતરો અને સૂક્ષ્મ તત્વોનો સમતોલ ઉપયોગ કરવા માટે માર્ગદર્શન આપવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં સહ વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. એચ. સી. છોડવડિયા, બગસરા એગ્રો એસોસિયેશનના પ્રમુખ જયસુખભાઈ ઘાડિયા, અમરેલી એગ્રો એસોસિયેશનના પ્રમુખ કે. બી. ગોંડલિયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. પી. જે. પ્રજાપતિ, ડૉ. પ્રીતિબેન જયસ્વાલ અને એન. એમ. કાછડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલામાં યુથ પાર્લામેન્ટનું સફળ આયોજન



સાવરકુંડલા,તા.૨૫

અમરેલી જિલ્લા સહકારી સંઘ અને વી.ડી. કાણકિયા આર્ટસ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે સાવરકુંડલા ખાતે યુથ પાર્લામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ મનીષ સંઘાણી દ્વારા કરવામાં આવ્યો હતા. અમરેલી જિલ્લા સહકારી સંઘના ડાયરેક્ટર શરદભાઈ પંડ્યા, સાવરકુંડલા શહેર ભાજપ અધ્યક્ષ પ્રવીણભાઈ સાવજ, સાવરકુંડલા તાલુકા ભાજપ અધ્યક્ષ જીવનભાઈ વેકરીયા, સાવરકુંડલા નગરપાલિકા અધ્યક્ષ મેહુલભાઈ ત્રિવેદી, અમરેલી જિલ્લા સહકારી સંઘના એક્ઝીક્યુટિવ ભાર્ગવભાઈ ત્રિવેદી, કોલેજના પ્રિન્સિપાલ શૈલેષભાઈ રવૈયા, પ્રોફેસર હરિચંદ્ર દેશરાણી અને સંઘના રૂપલબેન સીસણાદા હાજર રહ્યા હતા.

## અવસાન નોંધ

**ડોળાસા**

સ્વ. વિવેક ભાવસિંહભાઈ સોલંકી ( ઉંમર ૧૫ વર્ષ )નું તા. ૨૪/૧૦/૨૦૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ભુપતભાઈ અને ભરતભાઈનાં ભત્રીજા થાય છે. તેમના સ્વર્ગસ્થનું બેસણું તા.૨૮/૧૦/૨૦૨૪ સોમવારના રોજ રાખેલ છે.

**અમરેલી**

સ્વ.કિશોરચંદ્ર પ્રભાશંકર ભટ્ટ (ઉ.વ.૮૯)નું તા.૨૪/૧૦ના રોજ અવસાન થયેલ છે. તે કીર્તિકુમાર, પ્રતિમાબેન હસમુખભાઈ દેસાઈ (તળાજા), સ્વ. હિતેન્દ્રભાઈ તથા રાજેન્દ્રપ્રસાદના પિતાશ્રી તથા જાહ્નવીના દાદા થાય છે. તેમની પ્રાર્થનાસભા તા.૨૬/૧૦ના રોજ સાંજે ૪-૬ સંઘવી ધર્મશાળા હોલ સ્ટેશન રોડ અમરેલી ખાતે રાખવામાં આવેલ છે.

**સાવરકુંડલા**

સ્વ.મગનભાઈ મનજીભાઈ વાઘેલા (ઉ.વ:૯૦)નું તા.૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ગુણવંતભાઈ મગનભાઈ વાઘેલા તથા સંજયભાઈ મગનભાઈ વાઘેલાના ભાઈ તથા પ્રિયંકભાઈ ગુણવંતભાઈ વાઘેલા અને આકાશભાઈ ગુણવંતભાઈ વાઘેલાના દાદા થાય છે. તેમનું બેસણું તા.૨૬/૧૦/૨૪ ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને હોથીભાઈની શેરી, હનુમાનજી મંદિર સામે ''શ્રી ગુરુ હરિ'' સાવરકુંડલા ખાતે રાખેલ છે.


સંકુલ જુન ૨૦૨૬ થી - બોયઝ કોલેજ આયોજન
કમ્પાઉન્ડ બિલ્ડીંગ Entry Exit સેપરેટ
★B.Sc. – M.Sc. – માઈક્રોબાયોલોજી & બાયોટેક્નોલોજી બોયઝ કોલેજ
★B.Com – M.Com ઈંગ્લીશ મિડીયમ & ગુજરાતી મિડીયમ બોયઝ કોલેજ
★BBA – MBA – સૌરાષ્ટ્ર યુનિવર્સિટી & GTU બોયઝ કોલેજ
★BCA – MCA – સૌરાષ્ટ્ર યુનિવર્સિટી & GTU બોયઝ કોલેજ
★BA – MA – મેઈન ઈંગ્લીશ – સાયકોલોજી – સોસીયોલોજી બોયઝ કોલેજ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢરોડ, અમરેલી -Ad 067

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY
GOVERNMENT DONE SITE

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
•હેરકટ •ટેટુઝ •કેરાટીન •શાઈનર •હાઈલાઈટસ •નેલ આર્ટ •સ્મુથનીંગ •ફેસીયલ વીથ હાઈડ્રા •બોટોક્ષ •બ્રાઈડલ મેકઅપ •નેનો પ્લાસ્ટી •હેર એકસ્ટેન્શન •હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ - કિલો પેંકિગમાં ઉપલબ્ધ
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧. જી.આઈ.ડી.સી.અમરેલી
ફોન: ૨૪૦૧૧૧/૨૪૦૧૧, મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.499/- | કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665


## :: અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર ૧૫૭ પૈકી પ્લોટ નં.૧ પૈકીની કુલ ૮૧૦-૫૦ ચો.મી. વાળી મીલકત આવેલ છે. જે મીલકત હાલ રાજવીરસિંહ રણજીતસિંહ ગોલેતર, રહે. અમરેલીવાળાની માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૧૧૮૨, તા.૨૯/૯/૧૯૮૪ ના રોજનો અસલ તથા તેની અસલ રજીસ્ટર્ડ રસીદ કે જે સજુબેન ઉર્ફે હંસાબેન રણછોડભાઈ ગોલેતર ના નામનો છે. તે અસલમાં ખોવાઈ ગયેલ છે, તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે **દિન-૭** માં જાણ કરવા અગર પંહોચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હક્ક હીત સંબધ હોય તો તે હક્ક-હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે **દિન-૭** ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી **દિન-૭** માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવું માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૨૫/૧૦/૨૦૨૪
અમરેલી

**અજય જે. રાઠોડ, એડવોકેટ,**
**જુના માર્કેટયાર્ડ, પહેલા માળે, હરીરામ હોલસેલ માર્કેટ, કોગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી. મો.નં.૯૮૨૪૯ ૩૦૩૧૬**


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# શેખપીપરીયા ગામે પિતાએ માસૂમ દીકરીની કૂવામાં ફેંકી કરી નૃશંસ હત્યા

**પોતે પણ કૂવામાં કૂદ્યો, તરતાં આવડતું હોવાથી બચી ગયો, લાઠી પોલીસે હત્યારા પિતાની ધરપકડ કરી**



લાઠી,તા.૨૫

લાઠી તાલુકાના શેખપીપરીયા ગામે એક દારૂડિયા પિતાએ પોતાની જ સાડા ત્રણ વર્ષની માસૂમ દીકરીની કૂવામાં ફેંકી નૃશંસ હત્યા કરતા ચકચાર મચી જવા પામી છે. મનુભાઈ જોગાણીની વાડીએ ભાગિયું રાખી મજૂરીકામ કરતા પરપ્રાંતીય શ્રમિક બબલુ ભુરિયાએ દારૂના નશામાં ધૂત હાલતમાં પોતાની સાડા ત્રણ વર્ષની પુત્રીને કૂવામાં ફેંકી દીધી હતી. ત્યારબાદ પોતે પણ કૂવામાં કૂદી પડ્યો હતો. પરંતુ તરતાં આવડતું હોવાના કારણે તે બચી ગયો હતો, જ્યારે માસૂમ બાળકી પાણીમાં તરફડિયાં મારતી રહી હતી અને મોતને ભેટી હતી. આ ઘટનાની જાણ થતાં લાઠી પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને આરોપી પિતાની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દિવાળીની રાત્રે સાવર-કુંડલાના બે જૂથો વચ્ચે ખેલાતી આગની અનોખી લડાઈ

સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલા શહેરમાં છેલ્લા છ દાયકાથી દિવાળીની રાત્રે ખેલાતું 'ઈંગોરીયા યુદ્ધ' એક અનોખી પરંપરા બની ગયું છે. આ રમતમાં સાવર અને કુંડલા વિસ્તારના યુવાનો બે જૂથમાં વહેંચાઈને આગની લડાઈ ખેલે છે. ઈંગોરીયા એક વૃક્ષનું ફળ છે, જે આઠથી દસ ફૂટ ઊંચા વૃક્ષ પર થાય છે અને દેખાવે ચીકુ જેવું હોય છે. દિવાળી પહેલાં એક મહિના અગાઉથી યુવાનો ગ્રામ્ય વિસ્તારમાંથી આ ફળ એકત્ર કરી, સૂકવી, તેમાં દારૂ-ગંધક-સુરોખાર અને કોલસાની ભૂકીનું મિશ્રણ ભરી તૈયાર કરે છે. દિવાળીની રાત્રે દસથી સવાર સુધી ચાલતી આ લડાઈમાં બંને જૂથો એકબીજા સામે સળગતા ઈંગોરીયા ફેંકે છે. આગના ફુવારા સાથે રોકેટની જેમ દૂર સુધી જતા આ ઈંગોરીયા આકર્ષક દૃશ્યો સર્જે છે. જોકે, આ નિર્દોષ રમત હોવાથી મોટું નુકસાન કે માથાકૂટ થતી નથી. સમય બદલાતા ઈંગોરીયાના વૃક્ષો ઓછા થતાં તેનું સ્થાન પહેલા CDએ અને હવે કોકડાએ લીધું છે. આ અનોખી લડાઈ જોવા દૂર-દૂરથી હજારો લોકો આવે છે.



# ખેતીવાડી ખાતાની ટ્રેક્ટર સહાય યોજના માટે તા. ૩૧.૧૦.૨૦૨૪ સુધી અરજી કરી શકાશે

અમરેલી તા. ૨૫

ખેતીવાડી ખાતાની ટ્રેક્ટર સહાય યોજનાનો લાભ મેળવવા માટે જિલ્લાના ખેડૂતોએ www.ikhedut.gujarat.gov.in પોર્ટલ પર અરજી કરવા માટે વર્ષ ૨૦૨૪-૨૫ માટે આગામી તા.૨૫.૧૦.૨૦૨૪ થી તા. ૩૧.૧૦.૨૦૨૪ સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું છે. ઓનલાઈન અરજી કરતી વખતે ખેડૂતોએ આધારકાર્ડ, મોબાઈલ નંબર, જમીનના ખાતા નંબર, જાતિ જેવી વિગતો સાચી અને સચોટ નાખવાની રહેશે. અધુરી કે ખોટી વિગતો વાળી અરજી માન્ય રહેશે નહીં. ખેડૂતોએ કરેલ ઓનલાઈન અરજીની પ્રિન્ટ નકલ પોતાની પાસે રાખવાની રહેશે. ત્યારબાદ ખેડૂતોને અગ્રતાક્રમ મુજબ પૂર્વમંજૂરી આપવામાં આવશે. પૂર્વમંજૂરી મળ્યેથી ખેડૂતોએ સંબંધિત તાલુકાના કે ગામના વિસ્તરણ અધિકારી (ખેતી) અથવા ગ્રામસેવકને સાધનિક કાગળો સાથેની દરખાસ્ત જરૂરી આધાર પુરાવા સાથે રજૂ કરવાની રહેશે.

# ખાંભાના પાટી ગામના વેપારીને રાત્રે આંતરી લૂંટવાની કોશિશથી ચકચાર

**બંને હાથ પકડી પછાડી દઈ પૈસા, ઘરેણાં આપવા કહ્યું**

ખાંભા, તા.૨૫

ખાંભાના પાટી ગામે રહેતો એક વેપારી રાત્રે દુકાન બંધ કર્યા બાદ પોતાના ગામ જતો હતો ત્યારે રાત્રીના સમયે તેને અટકાવી ગાડી પરથી ઉતારીને પૈસા, ઘરેણા આપી દેવા કહ્યું હતું. તેમણે પૈસા આપવાની ના પાડતાં ખિસ્સામાં હાથ નાખી પૈસા ઝૂંટવવાની કોશિશ કરી નાસી છૂટ્યા હતા. બનાવ અંગે દડુભાઈ બાઘાભાઈ વાઘ (ઉ.વ.૪૩)એ અમરસીંગ નાનસીંગ ભાભર, રાકેશ ન્યાલસીંગ ભુરીયા તથા રેવલસીંગ ભાવસીંગ બીલવાલ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ત્રણ દિવસ પહેલા તેઓ રાત્રીના ભેરાઈ ગામેથી તેમની દુકાન બંધ કરી પોતાના ગામ પાટી જતા હતા ત્યારે વાવડી ગામેથી એકાદ કિ.મી. દુર નેસડી-પાટી ગામે જવાના રસ્તે અરવિંદભાઈ બાલાભાઈ સાવલીયા રહે.નેસડી વાળાની વાડીએ ખેતમજૂરી કામ કરતા આરોપીઓએ રસ્તામાં તેમનું મોટર સાયકલ ઉભુ રખાવી પરાણે નીચે ઉતાર્યા હતા. જે બાદ તેમના બંને હાથ પકડી રસ્તા ઉપર પછાડી દઈ આરોપીઓએ તેમની પાસે રોકડા પૈસા, ઘરેણા જે હોય તે આપી દેવાનું કહેતા તેમણે પૈસા નહોતા આપ્યા. જેથી આરોપીઓ તેમના ખિસ્સામાં હાથ નાખી પૈસા ઝુંટવવાની કોશીશ કરી નાસી ગયા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એફ. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના ભાવરડી ગામના પુરુષને બોલેરો ચાલકે ટક્કર મારતાં સારવારમાં નિધન

**મોભીના નિધનથી પરિવારજનો શોકમાં ગરકાવ**

ખાંભા, તા.૨૫

ખાંભા તાલુકાના ભાવરડી ગામે રહેતા એક પુરુષને બોલરો ચાલકે ટક્કર મારી હતી. જેથી તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ટૂંકી સારવાર દરમિયાન પુરુષનું મોત થતાં પરિવારજનો શોકમગ્ન બની ગયા હતા. બનાવ અંગે ભયલુભાઈ બાવભાઈ મોભ (ઉ.વ.૩૫)એ અજાણ્યા બોલેરો ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પિતા મોટર સાયકલ લઈને તા.૦૭-૧૦-૨૦૨૪ના રોજ ખાંભા ગામે ગયા હતા. ખાંભા ગામે ભગવતીપરામાં ખાંભા ઉના રોડે જસુભાઈ મોભના ગેરેજ સામે રોડ ઉપર અજાણ્યા બોલેરો ચાલકે તેમને ટક્કર મારી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થેલા તેમના પિતાને સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# કાંતિભાઈ સતાસિયાની પાક સહાય મુદ્દે મુખ્યમંત્રી - કૃષિમંત્રીને રજૂઆત

બગસરા, તા.૨૫

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા દિવસથી થઈ રહેલા વરસાદને કારણે લીલા દુષ્કાળ જેવી સ્થિતિ નિર્માણ પામી છે ત્યારે અમરેલી જિલ્લાના ખેડૂતોને વળતર આપવા બગસરા માર્કેટિંગ યાર્ડના ચેરમેન દ્વારા રજૂઆત કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં વરસાદના કારણે થયેલા નુકસાન બાબતે બગસરા માર્કેટિંગ યાર્ડના ચેરમેન કાંતિભાઈ સતાસિયાએ રાજ્યના મુખ્યમંત્રી તથા કૃષિમંત્રીને પત્ર લખી ખેડૂતોને સહાય આપવા માંગ કરી હતી. તેમના દ્વારા પત્રમાં જણાવ્યા મુજબ સમગ્ર અમરેલી જિલ્લામાં છેલ્લા દિવસોમાં થયેલા વરસાદને કારણે ખેતરમાં ઉભા પાકને તેમજ ઉપાડેલો પાક પણ પાથરા સ્વરૂપે ખેતરમાં હતો તેના પર પણ વરસાદ પાડતા ખેડૂતોને ખૂબ જ મોટું નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. જિલ્લામાં મગફળી, કપાસ તથા સોયાબીનના તૈયાર થયેલા પાક પર વરસાદ ખાબકતા લીલા દુષ્કાળ જેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખી અમરેલી જિલ્લાના ખેડૂતો માટે પણ સહાય જાહેર કરવામાં આવે તે જરૂરી છે.

# રાજુલાના કડીયાળી ગામે સસરાએ જમાઈનો કાંઠલો પકડી ઢીકાપાટુ માર્યા

**સસરા-જમાઈએ એકબીજા સામે ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૨૫

રાજુલાના કડીયાળી ગામે પ્રેમલગ્ન મુદ્દે સસરા અને જમાઈમાં માથાકૂટ થઈ હતી. બંને પક્ષોએ એકબીજા સામે ફરિયાદ નોંધાવી હતી. માનભાઈ ચીંથરભાઈ સાંખટ (ઉ.વ.૨૫)એ સસરા બાધાભાઈ ભાણાભાઈ મેર (ઉ.વ.૫૦) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે ચાર વર્ષ પહેલા બાઘાભાઈ મેરની પુત્રી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જેનું મનદુઃખ રાખી તેમને ગામના સ્મશાન પાસે જેમ ફાવે તેમ ગાળો આપી, કાંઠલો પકડી, ધોલ-ઝાપટ અને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. જે બાદ બાઘાભાઈ ભાણાભાઈ મેર (ઉ.વ.૫૦)એ જમાઈ માનભાઈ ચીંથરભાઈ સાંખટ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની દીકરીએ આજથી ચારેક વર્ષ પહેલા તેમના ગામના માનભાઈ ચીથરભાઈ સાંખટ સાથે પ્રેમલગ્ન કર્યા હતા અને અવાર-નવાર તેમની સાથે માથાકૂટ કરતો હતો તેમજ જ્યાં મળે ત્યા કાતર મારતો હતો. કડીયાળી ગામના પાટીયા પાસે તેમને જેમ ફાવે તેમ ગાળો આપી, કાંઠલો પકડી ધોલ-ઝાપટનો માર મારી શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના આંબરડી ગામે પલંગ નીચે મૂકેલા મોબાઈલની ઉઠાંતરી

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલાના આંબરડી ગામે વાડીએ રહેતા એક યુવકે જમીને તેનો ફોન સુવાના પલંગ નીચે મુક્યો હતો. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે વિજયભાઈ રાઘવભાઈ માલાણીની વાડીએ રહેતા ચંદ્રેશભાઈ છગનભાઈ શિંગાડ (ઉ.વ.૨૬)એ જાહેર કર્યા મુજબ, તેમણે જમીને ફોન પોતાના સુવાના પલંગ નીચે મૂક્યો હતો.

બીજા દિવસે સવારે જાગીને જોતાં ફોન મળી આવ્યો નહોતો. આ ફોનની અજાણ્યો ચોર ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો.

સાવરકુંડલામાં રહેતા અને ટ્રાન્સપોર્ટનો ધંધો કરતાં અતુલભાઈ અનંતરાય મહેતા (ઉ.વ.૪૯)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તેમની ન્યુ મહેતા ટ્રાન્સપોર્ટ નામની ઓફિસે જતા હતા ત્યારે શર્ટના ખિસ્સામાં રહેલો મોબાઈલ ફોન પડી જતાં અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: દશમ
તા. ૨૬-૧૦-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૬:૨૯, સૂર્યાસ્ત-૦૫:૪૦, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: આશ્લેષા

## દૈનિક રાશિફળ

તા.૨૬-૧૦-૨૦૨૪ શનિવાર

મેષ: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે વ્યવસાયની બાબતમાં કોઈ વિશેષ ડીલને અંતિમ સ્વરૂપ આપી શકો છો.

વૃષભ: આજે તમને શુભ ફળ મળશે અને વ્યવસાયમાં જોખમ લેવાથી આજે લાભ થઈ શકે છે. જૂના રોકાણોથી પણ આજે ફાયદો થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે, પરંતુ ધર્મ, આધ્યાત્મિકતા અને શિક્ષણની બાબતોમાં થોડો સમય આપશો.

કર્ક: આજનો દિવસ તમને ખૂબ સારા પરિણામ આપવા જઈ રહ્યો છે અને તમે જે કામ સમર્પણ સાથે કરો છો તેમાં તમને પૂર્ણ સફળતા મળશે.

સિંહ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક છે અને આજે અટકેલા પૈસા મળવાની સંભાવના છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

કન્યા: આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપી રહ્યો છે અને તમને ભાગ્યનો પૂરો સહયોગ મળશે. તમારું યોજનાઓમાં ધ્યાનમાં લાગશે.

તુલા: આજીવિકાની દ્રષ્ટિએ આજનો દિવસ ખૂબ જ મજબૂત છે. દિવસભર લાભ મળશે અને નોકરી મેળવનારાઓને સારી આવક મળવાની અપેક્ષા છે.

વૃશ્ચિક: આજનો દિવસ સારા પરિણામ આપવા જઈ રહ્યો છે. રચનાત્મક કાર્યોમાં સામેલ લોકોને સફળતા મળશે અને ભાગ્યની સહાયથી અધૂરા કાર્યો પૂરા થતાં જોવામાં આવશે.

ધન: આજનો દિવસ સામાન્ય છે અને રોમેન્ટિક સંબંધ સમરસતા સ્થાપિત કરશે. ભાગીદારીમાં આજે થયેલ કાર્ય શુભ ફળ આપશે, રોકાણમાં લાભ મળશે.

મકર: આજે તમારે પરસ્પર વાટાઘાટોમાં સંયમ અને સાવધાની રાખવાની જરૂર છે. ખાતરી રાખો કે આસપાસના લોકો સાથે કોઈ વિરોધાભાસ નથી.

કુંભ: આજે તમારા માટે થોડો પડકાર રહી શકે છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મીન: આજનો દિવસ થોડો સાવધ રહેવાનો છે અને તમારા સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પણ થઈ શકે છે.

# અમરેલી શહેરમાંથી કતલખાને ધકેલાતી ૮ ભેંસો બચાવાઈ

**જેશીંગપરા પાસેથી ટ્રક ઝડપાયો**

અમરેલી, તા.૨૫

અમરેલી શહેરમાંથી પોલીસે કતલખાને ધકેલાતી ૮ ભેંસોને બચાવી હતી. શહેરના જેશીંગપરા પાસેથી વહીજભાઈ યુસુફભાઈ કાલવા (ઉ.વ.૨૧) પોતાનો ટ્રક લઈને પસાર થતાં હતા ત્યારે અટકાવી તલાશી લેતા તેમાં ૮ ભેંસોને કોઈપણ પ્રકારના ઘાસચારા અને પાણીની સગવડતા વગર ખીચોખીચ રીતે બાંધીને લઈ જતા ઝડપાયા હતા. પોલીસે કુલ રૂ. ૭,૩૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના માલસીકા ગામે ખેડૂતને મુંઢમાર માર્યો

ધારી, તા.૨૫

ધારીના માલસીકા ગામે રહેતા એક ખેડૂતને મુંઢમાર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે મંગળુભાઈ આપાભાઈ વાળા (ઉ.વ.૫૦)એ ભુપતભાઈ આપાભાઈ, દીપુભાઈ આપાભાઈ તથા કાળુભાઈ ભુપતભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ બપોરના આશરે ચાર કલાકે તેમની વાડીએ જેસીબીનું કામ શરૂ હોવાથી દેખરેખ રાખતા હતા. તે સમયે આરોપી આવીને તેમને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. તેમજ મુંઢમાર મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. ઉપરાંત તેમની બોલેરો કારના કાચ તોડીને આશરે ૨૫૦૦૦ રૂપિયાનું નુકસાન કર્યુ હતું. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ હિતેષભાઈ એસ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાંથી ૧૪ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લામાંથી ટીંબી ચેકપોસ્ટ, ચલાલા, એભલવડ, ધારી, જાફરાબાદ, બાબરા તથા લીલીયામાંથી મળીને કુલ ૧૪ ઈસમોને પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપી કાર્યવાહી કરી હતી. સાવરકુંડલામાં નેસડી રોડ પરથી એક યુવક પાસેથી ૪ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.






તંત્રી લેખ

# માનવી ટેકનોલોજીનો ગુલામ બનતો જાય છે

વર્તમાન સમયની હવે પછીની સૌથી મોટી જો કટોકટી હોય તો તે માનવીનું જીવન છે અને જીવનમાં ટેકનોલોજીનું અતિક્રમણ છે. ટેકનોલોજી અતિશય ઉપયોગી હોવા છતાં હવે ટેકનોલોજીનો એટલો અતિરેક થઈ રહ્યો છે કે જેને કારણે માનવીના જીવન પર ટેકનોલોજી હાવી થઈ ગઈ છે. ટેકનોલોજીને કારણે માણસનું જીવન અતિશય સરળ બની ગયું પણ સાથોસાથ આ સરળતાથી માનવીનું જીવન યંત્રવત બનતું જાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીથી આપણું જીવન સુખી અને સમૃદ્ધ બન્યું છે. કોઈપણ વસ્તુનો અતિરેક હાનિકારક બની જાય છે. ટેકનોલોજીના આપણે ગુલામ બનતા જઈએ છીએ હકીકતમાં તો ટેકનોલોજીને આપણે ગુલામ તરીકે વાપરવી જોઈએ. ટેકનોલોજી આપણને ઉપયોગી થાય તે મહત્વની વસ્તુ છે પરંતુ ટેકનોલોજી બેહદ રીતે જીવનની અંદર વણાઈ જાય અને ટેકનોલોજીના સહારે જ માણસ જીવતો થઈ જાય તો તેની મૌલિકતા નાશ પામે છે. કેલ્ક્યુલેટર આવતા માનવીની ગણવાની જે કુદરતી ક્ષમતા હતી તે નાબૂદ થઈ, કોમ્પ્યુટર અને મોબાઈલ આવતા માનવીની યાદશક્તિ પર ગંભીર અસર પડી છે. આમ જુઓ તો આ એક સારી વાત છે, પણ કડવી વાસ્તવિકતા એ કે ટેકનોલોજી જેમ આગળ વધે છે તેમ આપણાં જીવનમાંથી ઉષ્મા અને લાગણી ઘટતાં જાય છે. સ્ટેશન અને ઍરપોર્ટ ઉપર એકબીજા સાથે માણસો અથડાતા જાય છે પણ એમનામાં જે પ્રેમ ઉભરાતો હતો તે હવે બહુ ઓછો જોવા મળે છે. માનવસંબંધો છીછરા અને ઉપરછલ્લા બની ગયા છે. એક અંદાજ મુજબ અમેરિકન નાગરિક દર વરસે એની મોટરકારમાં સરેરાશ ૧૬૦૦ કલાક ગાળે છે અને ૧૫૦૦ માઈલનો પ્રવાસ કરે છે. આજનો માણસ ઘડિયાળના કાંટે ફરે છે. ઘડિયાળની શોધ થઈ ત્યારે આપણી સગવડ માટે થઈ હતી પણ ટેકનોલોજીની જેમ જ આપણે ઘડિયાળના પણ ગુલામ થઈ ગયા છીએ. કોઈ મિત્રને અચાનક મળવાનો મનમાં ઉમળકો હોય તો પણ એને દાબી દેવો પડે છે કેમકે આજે એપોઈન્ટમેન્ટ યુગ છે. કોઈની એપોઈન્ટમેન્ટ લીધા વિના મળવા જવાય જ નહીં. ઔદ્યોગિક ક્રાંતિ થઈ એને પગલે દુનિયાની સમગ્ર સુરત બદલાઈ ગઈ. હવે ધીમે ધીમે માણસ ઉદ્યોગ અને યંત્રનો ગુલામ બની ગયો છે. દરેક વસ્તુને આજે પૈસાથી માપવામાં આવે છે. કોઈ માણસ બીજા માણસને સલાહસૂચન આપે તો એના પૈસા માંગે છે. આને એક પ્રકારની સાંસ્કૃતિક કટોકટી ગણી શકાય. ઔદ્યોગિક ચીજો ઉપર વધુ પડતો આધાર રાખવો એ એક પ્રકારની આપત્તિ છે. આખી દુનિયા આજે એક પ્રકારની બજારમાં ફેરવાઈ ગઈ છે. આ બજારના ફાયદા છે એટલા જ ગેરફાયદા પણ છે. આજે માણસ સતત પ્રવૃત્તિશીલ રહે છે. થોડી ફુરસદ મળે ત્યારે એ કંટાળી જાય છે અને તરત જ ગામની બહાર આવેલી કોઈ હોટલમાં મજા કરવા ઊપડી જાય છે. એ સમજતો નથી કે ફુરસદમાં એકલા બેસીને વિચાર કરવાનો પણ અનેરો આનંદ હોય છે. વિચારો અનેક પ્રકારના હોય છે. વિચારો કરવાથી ભવિષ્યનું આયોજન પણ કરી શકાય. ઈવાન ઈલિચે 'યુઝફુલ અનએમ્પલોયમેન્ટ' નામનું રસપ્રદ પુસ્તક લખ્યું છે. એમાં એણે ફુરસદનો જ મહિમા ગાયો છે. આપણે ત્યાં કહેવત છે કે નવરો માણસ નખ્ખોદ વાળે પણ એની સામે એ પણ હકીકત છે કે જીવનમાં આનંદનું અસ્તિત્વ નહીં હોય જો માણસ પોતાના માટે જ સમય ન કાઢી શકે.

# રાષ્ટ્રને સર્વોપરી સ્થાન પર રાખીને જ રાજનીતિ કરવી જોઈએ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

લેબેનોન એક એવો દેશ છે જ્યાં અત્યારે ભયાનક યુદ્ધ ચાલી રહ્યું છે આ દેશમાં એક મહાન સાહિત્યકાર કવિ થઈ ગયા જેનું નામ ખલીલ જીબ્રાન છે. તેમને કહ્યું કે એક જ ધર્મ હોઈ શકે અને તે ધર્મ એટલે જીવન. માનવી જ્યારે જીવનને પ્રેમ કરે છે ત્યારે સાચો ધર્મ પ્રગટ થાય છે. જિંદગી પ્રત્યેના પ્રેમનો અંત એટલે ધર્મનો અંત. આ વસ્તુ વિચારવા જેવી છે યુદ્ધથી કોઈનું કલ્યાણ થતું નથી તેમ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રિક્સ સંમેલનમાં કહ્યું છે પરંતુ આપણે આજે ક્યાં આવીને ઊભા છીએ તે વિચારવાનો આ સમય જ છે. આજે દેશમાં બે સમાજ વચ્ચે, બે ધર્મો વચ્ચે વાદવિવાદ અને ઉગ્ર સંઘર્ષ ચાલી રહ્યા છે તે શું વાજબી છે? એક સમય એવો હતો કે એક માનવી બીજા માનવીને બચાવવા માટે જાનની બાજી લગાવીને આખા પરિવારોની કૂરબાની આપી દેતા હતા. ઈતિહાસમાં નજર નાખીએ તો ઈસવીસન ૧૫૯૨માં સૌરાષ્ટ્રમાં એક ભયાનક યુદ્ધ થયું આ યુદ્ધ પાણીપત કરતા પણ વધુ ભયાનક હતું. સૌરાષ્ટ્રમાં ધ્રોળ નામના ગામ પાસે ભૂચર મોરી નામનું મેદાન આવેલું છે. આ મેદાન ઉપર વરસો પહેલાં (ઈ.સ. ૧૫૯૨માં) પાણીપત જેવું યુદ્ધ ખેલાયું હતું. આ યુદ્ધ રાજયનો વિસ્તાર વધારવા કે બાહ્ય આક્રમણ સામે રાજ્યનું રક્ષણ કરવા ખેલાયું નહોતું, પણ એક વિશિષ્ટ કારણસર આ લડાઈ થઈ હતી. સમ્રાટ અકબરે તે વખતના ગુજરાતના સુલતાન મુઝફર શાહને હરાવીને ગુજરાત જીતી લીધું હતું. મુઝફરે અકબર સામે પ્રચંડ બળવો કર્યો હતો. પરિણામે અકબરે તે વખતના ગુજરાતના સુલતાન મુઝફર શાહને હરાવીને પકડીને કેદમાં રાખ્યો હતો. મુઝફર લાગ જોઈને કેદમાંથી ભાગી છૂટ્યો અને આશરો શોધતો શોધતો જામનગરમાં જામસત્તાજીને શરણે આવ્યો હતો. એ જમાનામાં મોગલોનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો. સમગ્ર દેશમાં મોગલોની આણ વર્તાતી હતી. એ સમયે જામનગરના રાજવીએ મુઝફર શાહને આશરો આપ્યો. મુઝફરને પકડવા માટે અકબરે મિરઝા અઝીઝને વિરમગામ મોકલ્યા. મિરઝાએ જામસાહેબને કડક ભાષામાં ચેતવણી આપીને કહેવડાવ્યું કે મુઝફરને તાત્કાલિક અમારે હવાલે કરો અથવા તમારે ત્યાંથી હાંકી કાઢો. જામસત્તાજીએ જવાબમાં કહેવડાવ્યું કે મુઝફર અમારો શરણાર્થી છે અને શરણે આવેલાનું કોઈ પણ ભોગે રક્ષણ કરવું એ ક્ષત્રિયોનો ધર્મ છે. આ જવાબ મળ્યા પછી અકબરે આગ્રાથી ખાસ લશ્કર મોકલ્યું અને મિરઝાને હુકમ કર્યો કે મુઝફરને સોંપવાની ના પાડનારને ખતમ કરો અને જામનગરનો કબજો લઈ લ્યો. મિરઝાએ જંગી લશ્કર સાથે જામનગર તરફ કૂચ કરી. જામસાહેબની ફોજમાં ૨૫૦૦૦ સૈનિકો હતા. કચ્છથી મહેરામજી પોતાના ૧૪ કુમારો સાથે લઈને આવ્યા. ઓખાથી સંગ્રામજી વાઢેર પોતાના સૈન્ય સાથે જામનગર મદદે આવ્યા. જૂનાગઢથી નવાબ દોલતખાન અને ખરેડીથી લોમા ખુમાણ પણ મદદમાં આવ્યા. અકબરની ફોજ ધ્રોળ સુધી આવી પહોંચી. ભૂચર મોરીના વિશાળ મેદાનમાં બંને લશ્કરો ગોઠવાઈ ગયાં. જામસત્તાજીના બહાદુર સૈનિકોએ અકબરની બળવાન હરોળોને ખોંખરી કરી નાખી. મિરઝા અઝીઝ મૂંઝાયા અને સમાધાનનો વિચાર કર્યો. પણ એ પહેલાં જ જૂનાગઢ અને ખરેડીની ફોજ દગો કરીને શાહી ફોજમાં ભળી ગઈ. પરિણામે સમાધાન બાજુએ રહ્યું અને લડાઈ ચાલુ રહી. જામસત્તાજી રાજપરિવારનો બંદોબસ્ત કરવા જામનગર આવ્યા. યુદ્ધનો મોરચો કુંવર જશાજીએ સંભાળ્યો. દરમિયાન જામસાહેબની ફોજ તારાજ થઈ ચૂકી હતી. તાબડતોબ એમની ફોજના ગોપાલ બારોટ ભલશાણ પહોંચ્યા. જ્યાં યુવરાજ અજાજીના લગ્ન લેવાતાં હતા. અજાજી લગ્નમંડપ છોડીને પાંચસો જાનૈયા સાથે ભૂચર મોરી તરફ ધસી ગયા. એ પછી જે લડાઈ થઈ તેમાં અજાજી શહીદ થયા અને પીઠી ભરેલા શરીરે એમણે મોતની સોડ તાણી અને શરણાગત ધર્મ પાળી બતાવ્યો. તરત આ સમાચાર મળતા નવોઢા સૂરજબા પણ ભૂચર મોરીના મેદાનમાં આવ્યાં અને અજાજીનું માથું ખોળામાં લઈને સતી થઈ ગયાં. જામનગર રાજ્યની પ્રજાએ અઢીસો વરસ સુધી કુમાર અજાજીના મૃત્યુનો શોક પાળી રાજભક્તિ બતાવી હતી. તેમની સાથે ભૂચર મોરીના યુદ્ધમાં શહીદ થનારા અન્ય યોદ્ધાઓમાં જેસોજી, નાગજી, મહેરામજી અને ભાણજીનો સમાવેશ થતો હતો. આ યુદ્ધ વખતે મહેરામજી વૃદ્ધ હતા છતાં પોતાના ૧૪ કુમારો સાથે જામસત્તાજીની મદદે આવ્યા હતા. ભૂચર મોરીનું યુદ્ધ બતાવે છે કે શાસકો માટે કોઈ ચોક્કસ ધર્મનું મહત્ત્વ હોતું નથી. અહીં એક મુસ્લિમ સુબો જામસાહેબને શરણે આવ્યો, એને બચાવવા માટે બાદશાહ અકબર સામે જામસાહેબે યુદ્ધ ખેલ્યું. આમ એક રાજપૂત રાજાએ મુસ્લિમ સુબાને બચાવવા માટે મુસ્લિમ બાદશાહ સામે ટક્કર લીધી. ઈતિહાસ તપાસીએ તો આવા અનેક દાખલાઓ મળી આવશે. ૧૮૫૭માં જે ઈતિહાસપ્રસિદ્ધ બળવો થયો એની આગેવાની મોગલ બાદશાહ બહાદુરશાહ ઝફરે લીધી હતી. એમાં શીખ અને મરાઠા રાજવીઓ પણ જોડાયા હતા. હિન્દુ, મુસ્લિમ, શીખ રાજાઓથી માંડીને પ્રાદેશિક દ્રષ્ટિએ જોઈએ તો સમગ્ર ભારતના રાજાઓ પહેલી વખત અંગ્રેજો સામે લડવા માટે એક થયા હતા. કમનસીબે એ બળવો નિષ્ફળ ગયો. જો આ બળવો સફળ થયો હોત તો ૧૮૫૭ માં જ અંગ્રેજ સલ્તનતનો ભારતમાં અંત આવ્યો હોત. અહીં ઈતિહાસની એક ગંભીર ભૂલ છે રાષ્ટ્રવિરોધી લોકોએ, અંગ્રેજોએ એને બળવો કહ્યો છે પરંતુ તે બળવો ન હતો પરંતુ ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ હતો. આ સ્વાતંત્ર્ય સંગ્રામ જો સફળ થયો હોત તો ૧૮૫૭માં જ દેશ આઝાદ થઈ ગયો હોત. ભારતના ભાગલાં પણ પડ્યા ન હોત. બળવા વખતની લડાઈમાં ઝાંસીની રાણી લડતાં લડતાં શહીદ થઈ ત્યારે તેની સાથે તેની એક મુસ્લિમ સહેલી પણ શહીદ થઈ ગઈ. બહાદુરશાહ ઝફરની બાનું નામ



લાલબાઈ હતું. છત્રપતિ શિવાજીને બે સેનાપતિ હતા, જેમના નામ દોલતખાન અને સિદી મિશ્રી હતાં. એમના અત્યંત વિશ્વાસુ એવા વિદેશ સચિવનું નામ મુલ્લા હેદર હતું. એ જ રીતે વિશ્વાસુ અંગરક્ષકનું નામ મદની મહેતર હતું. શિવાજી જગદીશ્વર મંદિરમાં રોજ પૂજા-અર્ચના માટે જતા. એ મંદિરની સામે જ એમણે મુસ્લિમ પ્રજા માટે એક મસ્જિદ બનાવી હતી. અંગ્રેજો વિરુદ્ધ લડતાં લડતાં મૃત્યુ પામેલા ભારતીય રાજાનું નામ ટીપુ સુલતાન હતું. નેતાજી સુભાષચંદ્ર બોઝ માટે હિન્દુ મુસ્લિમ એકતા જ દેશની ઉન્નતિનો પાયો હતી. કોમી એકતા અને અખંડ ભારત માટે શહીદ થનાર સિંધના અલ્લાહ બક્ષને ધન્યવાદ આપનાર સુભાષ ચંદ્ર બોઝ હતા. એમની આઝાદ હિન્દ ફોજમાં એમના જમણા હાથ જેવા સ્થાને શાહનવાજ ખાન હતા. રંગુનમાં નેતાજીએ હાકલ કરી હતી કે તુમ મુજે ખૂન દો મેં તુમ્હે આઝાદી દુંગા. અનેક લોકોએ પોતાની ટચલી આંગળી કાપીને તેના લોહીથી હસ્તાક્ષર કરવા લાગ્યા. સુભાષબાબુએ તેને રોકી કહ્યું કે મારે દરેક વ્યક્તિનું જુદુ જુદુ લોહી નથી જોતું બધાનું લોહી ભેગું કરીને પછી હસ્તાક્ષર કરો. આજે આપણા અમુક પક્ષના નેતાઓએ સમજી જવું જોઈએ કે તેઓ જે રીતે દેશની એકતાને તોડી રહ્યા છે તે બિલકુલ વાજબી નથી. સત્તા ને ખુરશી માટે આ નેતાઓ જે ખેલ ખેલી રહ્યા છે તે રાષ્ટ્રની એકતા માટે ખતરનાક છે.

પ્રજાએ સમજી જવું જોઈએ કે આ લોકો તેને મિસગાઈડ કરી રહ્યા છે દેશની એકતા માટે આ લોકો ખતરા રૂપ છે. તેને કોઈપણ સંજોગોમાં સત્તાની ખુરશી પર બેસવા ન દેવાય તે એક હકીકત છે. આપણું રાષ્ટ્ર એક ને અખંડ બને તે માટે જ્યારે આખા દેશમાં અને પરદેશમાં આપણે દિવાળીનો ઉત્સવ ઉજવી રહ્યા છીએ ત્યારે આ સાચી વાત લોકો સામે મૂકવી જોઈએ અને રાષ્ટ્ર સર્વોપરી છે તેવી ભાવનાનો વિકાસ કરવો જોઈએ.

**આજે આપણા દેશમાં અનેક નાના મોટા રાષ્ટ્રીય અને ક્ષેત્રિય રાજકીય પક્ષો છે તેમાંના અમુક પક્ષો પોતાની મતબેંક સાજી કરવા માટે રાષ્ટ્રની એકતાને તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે તે બિલકુલ વ્યાજબી નથી. કોઇ પણ બાબતમાં રાષ્ટ્ર પ્રથમ સ્થાને હોવું જરૂરી છે.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૧૦ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૫૮૪ | ૬૦૫ |
| ઘઉં ટુકડા | ૫૮૨ | ૬૧૭ |
| જુવાર સફેદ | ૬૫૧ | ૭૩૩ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૧૫ |
| બાજરી | ૩૮૧ | ૫૧૧ |
| તુવેર | ૧૩૫૦ | ૧૯૫૬ |
| ચણા પીળા | ૧૧૫૦ | ૧૩૫૦ |
| ચણા સફેદ | ૨૧૦૦ | ૨૯૦૦ |
| અડદ | ૧૨૬૦ | ૧૭૪૦ |
| મગ | ૧૦૫૦ | ૧૬૦૦ |
| વાલ દેશી | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ચોળી | ૨૬૦૦ | ૩૩૧૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૩૮૧ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૯૮૦ | ૧૧૯૬ |
| મગફળી જીણી | ૯૯૦ | ૧૨૫૮ |
| તલી | ૨૦૨૫ | ૨૬૨૫ |
| સુરજમુખી | ૧૦૮૦ | ૧૦૮૦ |
| એરંડા | ૧૧૯૦ | ૧૨૫૨ |
| અજમો | ૧૨૦૦ | ૧૯૫૦ |
| સોયાબીન | ૭૬૫ | ૮૭૦ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૩૨૫ |
| કાળા તલ | ૨૮૦૦ | ૩૮૦૦ |
| લસણ | ૪૦૦૦ | ૫૬૦૦ |
| ધાણા | ૧૧૫૫ | ૧૪૮૫ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૩૫૦૦ |
| ધાણી | ૧૩૫૦ | ૧૫૫૦ |
| વરીયાળી | ૧૦૮૦ | ૧૩૫૧ |
| જીરૂ | ૪૩૩૦ | ૪૭૫૨ |
| રાય | ૧૧૦૦ | ૧૨૯૫ |
| મેથી | ૧૦૬૦ | ૧૩૨૦ |
| કલોંજી | ૩૮૩૭ | ૩૮૩૭ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૪૦ |
| રજકાનું બી | ૩૯૦૦ | ૫૦૪૦ |
| ગુવારનું બી | ૧૦૧૫ | ૧૦૧૫ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૮૦ |
| ડુંગળી સુકી | ૧૭૦ | ૮૩૦ |
| ટમેટા | ૫૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મુળા | ૪૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૫૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| ભીંડો | ૬૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| પરવળ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૫૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૯૦ | ૧૧૪૦ |
| શિંગ મોટી | ૭૧૯ | ૧૨૬૯ |
| શિંગફાડા | ૯૫૦ | ૧૨૫૨ |
| તલસફેદ | ૧૯૫૦ | ૨૭૦૦ |
| તલકાળા | ૩૨૦૦ | ૪૦૧૧ |
| બાજરો | ૩૭૫ | ૪૫૫ |
| જુવાર | ૫૨૫ | ૭૬૧ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૫૧ |
| ઘઉં લોકવન | ૫૧૫ | - |
| મગ | ૫૮૦ | ૧૮૬૦ |
| અડદ | ૭૯૦ | ૧૫૩૨ |
| ચણા | ૬૦૦ | ૧૫૪૩ |
| કપાસ | ૮૫૦ | ૧૫૫૦ |
| એરંડા | ૧૧૭૫ | ૧૨૩૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૪૯૫ |
| ધાણા | ૯૧૦ | ૧૪૪૫ |
| રાય | ૧૧૧૨ | ૧૧૧૨ |
| મેથી | ૯૧૦ | ૧૦૭૦ |
| સોયાબીન | ૬૦૪ | ૮૭૨ |
| રજકાનું બી | ૨૫૦૦ | ૫૬૦૦ |
| વરીયાળી | ૬૦૦ | ૧૩૦૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૧૦ | ૫૨૦ |
| રીંગણાં | ૨૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૮૦૦ | ૧૦૦૦ |


| | | |
|---|---|---|
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૮૦૦ | ૧૧૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૬૦૦ | ૮૦૦ |
| દૂધી | ૬૦૦ | ૭૦૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૭૦૦ | ૮૦૦ |
| મૂળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| વાલોળ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ચોળા લીલા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૭૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૧૪૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૫૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૫૦ |
| ડુંગળી સૂકી | ૩૦૦ | ૭૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| નવીડુંગળી | ૨૦૦ | ૪૦૦ |
| શીંગઓળા | ૭૦૦ | ૮૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૨૦ |
| કપાસ કોડી | ૧૦૯૦ | ૧૨૮૦ |
| મગફળી નવી | ૯૭૫ | ૧૧૨૫ |
| મગ | ૧૪૩૦ | ૧૫૯૦ |
| અડદ | ૧૩૭૦ | ૧૫૩૦ |
| ઘઉં | ૫૧૨ | ૬૪૮ |
| સોયાબીન | ૬૯૪ | ૭૭૬ |
| તલ સફેદ | ૨૧૩૦ | ૨૪૯૦ |
| જીરૂ | ૪૦૨૦ | ૪૬૩૦ |
| બાજરો | ૩૭૦ | ૩૯૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૭૬૦ | ૯૭૧ |
| શીંગ મોટી | ૮૫૦ | ૧૧૬૭ |
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૫૫૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૬૭૫ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૦૦ |
| કપાસ | ૧૧૫૫ | ૧૬૩૨ |
| ઘઉં લોકવન | ૫૦૩ | ૬૫૫ |

| | | |
|---|---|---|
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૭૦ |
| બાજરો | ૪૨૦ | ૫૬૮ |
| અડદ | ૧૧૦૦ | ૧૩૮૫ |
| ચણા | ૯૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૬૪૬ | ૮૧૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૭૪ |
| રાયડો | ૧૨૦૦ | - |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૪૫૨ |
| મગફળી | ૬૦૦ | ૯૦૫ |
| ઘઉં | ૫૪૮ | ૫૪૮ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૧૦ |
| તુવેર | ૧૭૨૫ | ૧૭૨૫ |
| અડદ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| સોયાબીન | ૫૮૫ | ૮૧૭ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ઘઉ લોકવન | ૫૪૨ | ૫૭૭ |
| ઘઉ ટુકડા | ૫૪૫ | ૬૩૦ |
| તુવેર | ૧૬૭૫ | ૧૬૭૫ |
| ચણા | ૧૦૬૦ | ૧૦૬૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૫૦૦ |
| અડદ | ૮૧૦ | ૧૫૦૦ |
| ધાણા | ૮૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૫૦૧ | ૭૫૧ |
| બાજરો | ૩૨૦ | ૩૨૦ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૦૧૦ |
| તલ સફેદ | ૧૮૭૦ | ૨૩૮૫ |
| મકાઈ | ૫૨૫ | ૫૪૫ |
| તલ કાળા | ૩૩૬૦ | ૩૩૬૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી.ટી. | ૧૦૦૧ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૫૬૬ | ૬૧૮ |
| ઘઉં ટુકડા | ૫૨૮ | ૬૮૨ |
| મગફળી જીણી | ૭૪૧ | ૧૧૯૧ |
| સિંગદાણા જાડા | ૯૯૧ | ૧૨૯૧ |
| સિંગ ફાડીયા | ૭૫૧ | ૧૨૪૧ |
| એરંડા/એરંડી | ૧૦૦૧ | ૧૨૫૬ |
| જીરૂ | ૩૩૦૧ | ૪૯૦૧ |
| વરીયાળી | ૩૦૧ | ૧૨૨૬ |
| ધાણા | ૯૦૦ | ૧૫૧૧ |
| અડદ | ૧૧૫૧ | ૧૭૦૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૯૭૧ |
| રાયડો | ૧૨૦૧ | ૧૨૦૧ |
| રાય | ૮૭૬ | ૧૦૬૧ |
| કાંગ | ૪૦૦ | ૪૦૦ |
| ગુવાર બી | ૮૫૦ | ૮૫૦ |
| મગફળી જાડી | ૬૦૧ | ૧૨૨૧ |

| | | |
|---|---|---|
| સફેદ ચણા | ૧૩૦૧ | ૨૮૯૧ |
| મગફળી ૬૬ | ૭૦૦ | ૧૭૧૧ |
| તલ - તલી | ૨૦૦૧ | ૨૫૩૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૫૫૧ |
| બાજરો | ૪૦૧ | ૫૦૧ |
| જુવાર | ૩૫૧ | ૮૩૧ |
| મકાઇ | ૩૨૧ | ૫૮૧ |
| મગ | ૧૧૧૧ | ૧૬૫૧ |
| ચણા | ૧૨૦૧ | ૧૩૮૧ |
| વાલ | ૫૮૧ | ૧૩૦૦ |
| ચોળા/ચોળી | ૯૦૧ | ૩૧૦૧ |
| સોયાબીન | ૬૦૧ | ૯૦૧ |
| ગોગળી | ૫૦૦ | ૯૫૧ |
| વટાણા | ૫૦૦ | ૨૧૦૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૮૫૦ | ૧૦૫૧ |
| ચણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| અડદ | ૧૦૭૬ | ૧૦૭૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૦ | ૯૧૪ |
| તલસફેદ | ૨૦૦૦ | ૨૩૦૦ |
| તલકાળા | ૩૫૦૦ | ૩૫૦૦ |
| કપાસ | ૧૦૫૦ | ૧૬૦૧ |
| બાજરો | ૪૭૦ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૬૯ |
| જુવાર | ૬૭૦ | ૭૭૯ |
| મગ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| અડદ | ૧૦૫૨ | ૧૪૫૦ |
| ચણા | ૧૨૫૧ | ૧૩૪૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૬૫૧ |
| સોયાબીન | ૬૮૦ | ૭૮૭ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૦૬૬ | ૧૫૩૨ |
| **જામનગર** | | |
| કપાસ | ૯૬૦ | ૧૬૮૦ |
| જુવાર | ૫૦૦ | ૬૯૫ |
| બાજરો | ૪૩૦ | ૫૨૫ |
| ઘઉં | ૫૦૦ | ૬૪૧ |
| મગ | ૧૨૦૦ | ૧૬૩૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૯૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૭૫ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૭૦૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૯૧૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૦૭૫ |
| એરંડા | ૧૦૨૦ | ૧૨૬૦ |
| તલ | ૨૧૦૦ | ૨૪૦૦ |
| રાયડો | ૯૬૫ | ૧૧૦૫ |
| લસણ | ૩૫૦૦ | ૫૦૬૦ |

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૯૦૦ | ૪૫૮૫ |
| અજમો | ૨૧૪૦ | ૩૨૫૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૩૬૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૯૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૯૫ |
| રાજમા | ૩૦૦ | ૭૦૦ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૨૦૦ | ૧૭૦૨ |
| શીંગ ૩૯ | ૭૭૭ | ૯૬૬ |
| શીંગ ૩૨ | ૭૭૭ | ૯૬૬ |
| શીંગ જીરુ૨૦ | ૯૪૪ | ૧૧૯૩ |
| એરંડા | ૧૨૪૦ | ૧૨૪૦ |
| જુવાર | ૪૪૦ | ૮૨૩ |
| બાજરી | ૫૦૪ | ૫૮૪ |
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૬૭ |
| અડદ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૭૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૦૦ |
| તલ કાળા | ૩૩૮૧ | ૩૭૭૧ |
| ડુંગળી લાલજુ. | ૧૫૫ | ૯૦૭ |
| ડુંગળી લાલન. | ૧૦૮ | ૮૦૬ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૭૦૦ |
| કપાસ શંકર | ૧૦૮૦ | ૧૪૩૦ |
| નાળીયેર | ૫૦૦ | ૨૩૩૦ |
| **કોડીનાર** | | |
| મગફળીજીરુ૨૦ | ૭૭૫ | ૧૧૭૩ |
| મગફળી૩૨નં | ૭૨૫ | ૧૦૩૩ |
| બાજરી | ૪૮૬ | ૫૬૦ |
| ઘઉં | ૪૮૦ | ૬૪૩ |
| સફેદતલ | ૨૦૦૦ | ૨૪૯૨ |
| સોયાબીન | ૭૧૧ | ૮૭૫ |
| જુવાર | ૬૦૦ | ૭૬૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૨૫ |
| ચણા | ૧૧૫૦ | ૧૪૨૩ |
| કપાસ | ૯૫૮ | ૧૪૬૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૦૦ | ૧૫૯૧ |
| ઘઉં | ૪૫૦ | ૬૦૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૬૦ |
| મગફળી | ૬૫૦ | ૯૯૦ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૦૪૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૬૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૫૨ |
| સોયાબીન | ૬૦૦ | ૮૮૩ |

## શબ્દ સંજોગ-૧૮૯૨



**આડી ચાવી :**
(૧) ઘોડા વગેરે જાનવરોનું વૈદુ (૪)
(૩) વધારે ઓછુ-ઊતરતું (૪)
(૬) ખરાબ, બગડેલુ (૪)
(૭) ચીંથરેહાલ (૬)
(૯) કુશનો ભાઈ (૨)
(૧૧) લીન, આસકત (૨)
(૧૩) વિરુદ્ધ દિશામાં (૨)
(૧૫) વાસણના કાના સુધી (૪)
(૧૭) શરદી...... (૪)
(૨૦) ડગે નહી એવુ (૩)
(૨૨) ઈશારો, સંકેત (૪)
(૨૪) સગા સૌ...... ના (૨)
(૨૫) પહેલી વાર સાસરે જતા વર અથવા કન્યા સાથે મોકલાતો સોબતી (૪)

**ઉભી ચાવી :**
(૧) વાઘ (૩)
(૨) બનનાર બનાવ (૪)
(૩) મડદુ દાટી ઉપર કરેલુ ચણતર (૩)
(૪) અભિપ્રાય (૨)
(૫) ચપલ, અસ્થિર (૩)
(૬) મુશ્કેલ, કઠણ (૩)
(૮) માંહોમાંહે સમજીને (૪)
(૧૦) પ્રતિજ્ઞા, કોલ (૩)
(૧૨) પોરસ, જુસ્સો (૨)
(૧૩) સસરાનું ઘર (૩)
(૧૪) આકાશ (૨)
(૧૫) શરમ, સંકોચ (૨)
(૧૬) કોરુ કપડું (૩)
(૧૮) છીણીને કરેલો છુંદો (૩)
(૧૯) મડદુ દાટવાનો ખાડો (૨)
(૨૦) ભેટ કરવુ તે (૩)
(૨૧) અણસમજુ, મૂર્ખ (૩)
(૨૨) માયનો, સમજુતી (૨)
(૨૩) તદન, બિલકુલ (૨)

## શબ્દ સંજોગ-૧૮૯૧ જવાબ

**આડી ચાવી:** (૧) નાગાલેન્ડ (૩) બાતેન (૫) કટી (૬) રેવા (૭) શયન (૯) રાશ (૧૦) બાબર (૧૩) હમાલ (૧૪) મતિ (૧૫) રન (૧૬) સર્વે (૧૭) બાન (૧૮) દાદા (૧૯) ભૂ (૨૦) હર (૨૨) ફાંદ (૨૪) પરવા (૨૫) ગ્રોસ (૨૬) અનહદ.

**ઉભી ચાવી:** (૧) નાગેશ (૨) લેખન (૩) બાટી (૪) નરેશ (૫) કસબ (૮) યજમાન (૧૧) રતી (૧૨) ક્ષતિ (૧૩) હરફ (૧૪) મનહર (૧૬) સદા (૧૮) દાદ (૨૧) રવાલ (૨૨) ફાંસ (૨૩) ટન (૨૪) પદ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ભાકોદર : ધરતી કંપની દ્વારા કરોડોના સાધનોની હેરાફેરીનો પ્રયાસ, કોન્ટ્રાક્ટરોએ કરી પોલીસ ફરિયાદ

**કંપનીના અધિકારીઓએ કર્યા હાથ ઊંચા, કરોડોના બાકી બિલો સામે કોન્ટ્રાક્ટરોની પોલીસમાં અરજી**

અમરેલી,તા.૨૫

ભાકોદર નજીક સ્વાન એનર્જી કંપની દ્વારા દરિયામાં આધુનિક જેટી બનાવવાનું કામ ત્રણ વર્ષ પહેલા ધરતી કંપનીને સોંપવામાં આવ્યું હતું. ધરતી કંપનીએ સ્થાનિક કોન્ટ્રાક્ટરો પાસેથી ક્રેન, હીટાચી લોડર, ડમ્પર સહિતની મશીનરી ભાડે રાખી હતી. શરૂઆતના છ મહિના સુધી નિયમિત પેમેન્ટ થતાં કોન્ટ્રાક્ટરોએ વ્યાજે અને ગીરવે મૂકીને વધુ મશીનરી ખરીદી હતી. એક વર્ષ બાદ કામ જોરદાર ઉપડ્યું અને રોજના ૫૦૦ જેટલા ડમ્પર ફેરા સાથે ૭૦% કામ પૂર્ણ થયું, ત્યારબાદ કંપનીએ પેમેન્ટ આપવાનું બંધ કરી દીધું. મુખ્ય કંપની સ્વાન એનર્જીએ પણ જવાબદારી સ્વીકારવાનો ઈનકાર કર્યો. પરિણામે કરોડો રૂપિયાના બાકી બિલો સાથે કોન્ટ્રાક્ટરો લેણદાર બની ગયા છે. હાલમાં કંપનીના ડગ શિપ, ક્રેન સહિતની મશીનરી દરિયામાં પડી છે, જેને અન્ય કંપની ખરીદવા માગે છે. આ માલની હેરાફેરી અટકાવવા કોન્ટ્રાક્ટરોએ જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં અરજી કરી છે. સ્થાનિક ધારાસભ્ય અને મુખ્યમંત્રીને પણ રજૂઆત કરવામાં આવી છે. દિવાળી નજીક હોવા છતાં રાજુલામાં વેપાર-ધંધા ઠપ્પ છે. સ્થાનિક અગ્રણીઓએ ધરતી કંપનીની મશીનરીની હરાજી કરી બાકી બિલો ચૂકવવાની માંગણી કરી છે. કંપનીના કોઈ અધિકારી હાલમાં સાઈટ પર મળતા નથી, જેથી લોકોમાં રોષ વધી રહ્યો છે.

# ગોઢાવદરના પૂર્વ પ્રિન્સિપાલ કરમશીભાઈ ભુવાએ વિશેષ રીતે જન્મદિવસ ઉજવ્યો

**૮૦મા જન્મદિવસે પૂર્વ પ્રિન્સિપાલે બાળકો સાથે ઉજવણી કરી**

લીલીયા, તા.૨૫



લીલીયાના ગોઢાવદર પ્રાથમિક શાળાના પૂર્વ પ્રિન્સિપાલ કરમશીભાઈ રામજીભાઈ ભુવાએ તેમનો ૮૦મો જન્મદિવસ અનોખી રીતે ઉજવ્યો હતો. તેમણે તેમની પત્ની સાથે શાળા અને આંગણવાડીના નાના ભૂલકાઓ તેમજ લીલીયા ગર્લ્સ સ્કૂલની બાલિકાઓ સાથે આ ખાસ દિવસની ઉજવણી કરી હતી. જન્મદિવસની ઉજવણીમાં તેમણે બાળકોને લાઈવ ઢોકળાનો વિશેષ નાસ્તો કરાવ્યો હતો. આ પ્રસંગે સ્કૂલના વર્તમાન આચાર્ય વર્ષાબેન જોશી અને જે.પી.ભાસ્કર, ધવલકુમાર જોષી સહિત સ્કૂલ સ્ટાફે તેમને શાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં વાણિજ્ય અને વિનયન કોલેજના આચાર્ય રાઠોડ, વિજયભાઈ ગજેરા, ગોકળબાપા, ભરતભાઈ વિંઝુડા અને વિપુલ દાદા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# પીસીપીએનડીટીની ટીમે ધારીની ખાનગી હોસ્પિટલોની લીધી આકસ્મિક મુલાકાત

**બે હોસ્પિટલની સામાન્ય ક્ષતિઓ સામે આવી**

અમરેલી,તા.૨૫

રાજ્યમાં ગર્ભ પરીક્ષણ કરવું તે ગુનો છે અને તેની સામે સરકારે પ્રતિબંધ પણ લગાવેલો છે. આવા પ્રકારના કોઈ પરીક્ષણ ન થાય તે માટે આરોગ્ય વિભાગની સાથે સંકલનમાં રહી અને પીસીપીએનડીટી કમિટી કાર્યરત છે. આજે ધારી ખાતે પીસીપીએનડીટીના ચેરમેન ડોક્ટર જી.જે. ગજેરા અને તાલુકા આરોગ્ય અધિકારી મકવાણાની ટીમે ધારીની બે ખાનગી હોસ્પિટલની આકસ્મિક મુલાકાત લીધી હતી. જેમાં સામાન્ય ક્ષતિઓ સામે આવી હોવાનું જાણવા મળ્યું છે આ અંગેનો વિસ્તૃત રિપોર્ટ આગામી દિવસોમાં તાલુકા આરોગ્ય અધિકારી આરોગ્ય વિભાગમાં કરશે.

# કોડીનારના ખેડૂતોને વરસાદથી થયેલ નુકસાનીનું વળતર આપવા ધારાસભ્યની રજૂઆત

કોડીનાર, તા.૨૫



કોડીનાર પંથકમાં સતત અને ભારે વરસાદના કારણે ચોમાસુ પાક નિષ્ફળ ગયો છે. આ બાબતે કોડીનારના ધારાસભ્ય ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાએ કૃષિ મંત્રીને રૂબરૂ મળીને લેખિતમાં રજૂઆત કરી છે. ખેડૂતો ખેતીની સાથે પશુપાલનનો વ્યવસાય પણ કરે છે. પણ આ વરસાદમાં મૂંગા માલઢોરનો ચારો પણ બરબાદ થયો છે. ડોળાસા અને કોડીનાર વિસ્તારમાં મગફળી, સોયાબીન અને કપાસનું વ્યાપક વાવેતર થયું હતું. ઓગસ્ટ મહિના સુધી ૩૭ ઈંચ વરસાદ થયો હતો અને મબલખ પાક ઉતરશે તેવી ખેડૂતોને આશા હતી.

પણ ત્યારબાદ ૧૬ ઈંચ વરસાદ થતાં ખેડૂતોની આશા પર પાણી ફરી વળ્યુ હતું. આ બાબતે ખેડૂતો વતી પાકની નુકસાનીનો સર્વે કરી ખેડૂતો માટે જરૂરી આર્થિક પેકેજ આપવા અંગે ધારાસભ્ય ડો. પ્રદ્યુમનભાઈ વાજાએ કૃષિમંત્રી રાઘવજી પટેલને ગાંધીનગરમાં રજૂઆત કરી હતી. મંત્રીએ ખેતરોનો તાત્કાલિક સર્વે કરવા માટે અધિકારીને ટેલીફોનિક સૂચના આપી હતી.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં દિવાળીના તહેવારમાં ૭ દિવસની રજા રહેશે

ગોંડલ, તા.૨૫



સૌરાષ્ટ્રનું અગ્રેસર ગણાતું ગોંડલ માર્કેટિંગ યાર્ડ વિવિધ જણસીની આવકથી ઊભરાતું હોય છે. આગામી દિવસોમાં દિવાળીના તહેવારોને લઈને માર્કેટયાર્ડ અલગ અલગ રજાના દિવસે બંધ રહેશે. યાર્ડમાં આવતા ખેડૂતો, વેપારીઓ, જનરલ કમિશન એજન્ટો, તોલાટ, મજૂરો, વાહનમાલિકો સહિતના રજાના દિવસે કામકાજ બંધ રાખશે. કાળીચૌદસથી ચોથ સુધી યાર્ડ બંધ રહેશે.માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, દિવાળી નિમિત્તે સાત દિવસ એટલે કે ૩૦ ઓક્ટોબરથી ૫ નવેમ્બર સુધી દિવાળી વેકેશન રહેશે. ૬ નવેમ્બરને લાભ પાંચમના દિવસે સારા મુહૂર્તમાં રાબેતા મુજબ જણસીઓની હરરાજી શરૂ કરાશે.

**ગુજરાત રાજ્યના સહકાર અને કૃષિ વિભાગના મંત્રીના હસ્તે**

# ગોહિલની ખાણના ખેડૂતને શ્રેષ્ઠ પશુપાલકનો એવોર્ડ એનાયત થયો

**કચ્છમાં યોજાયેલા કાર્યક્રમમાં શ્રેષ્ઠ પશુપાલક તરીકે સન્માનિત**

કોડીનાર,તા.૨૫



કોડીનાર તાલુકાના ગોહિલની ખાણ ગામના પૂર્વ સરપંચ અને ગીર સોમનાથ જિલ્લા ભાજપના બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ ભીખાભાઈ કાળાભાઈ ગોહિલને તેમના ઉત્કૃષ્ટ પશુપાલન કાર્ય માટે સન્માનિત કરવામાં આવ્યા છે. કચ્છ ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના પશુપાલન કાર્યક્રમમાં તેમને ગીર સોમનાથ જિલ્લાના શ્રેષ્ઠ પશુપાલક તરીકે પસંદ કરવામાં આવ્યા હતા અને ગુજરાત રાજ્યના સહકાર અને કૃષિ વિભાગના મંત્રીના હસ્તે એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક ડો. બી. વી. હુમ્મરને ભટીંડામાં એવોર્ડ એનાયત

જૂનાગઢ, તા.૨૫



પંજાબના ભટીંડા ખાતે તાજેતરમાં કરંટ ઈનોવેશન એન્ડ ટેકનોલોજી એડવાન્સીઝ ઈન એગ્રીકલ્ચર એન્ડ એલાઈડ સાયન્સનું આયોજન કરાયું હતું. આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં બાગાયત વિભાગના ડો. બી.વી. હુમ્મરને ડો.એચ.બી. સિંઘ એવોર્ડ ૨૦૨૪ એનાયત કરવામાં આવ્યો હતો. ૨૯થી ૩૧ ઓગષ્ટ સુધી યોજાયેલ આ કોન્ફરન્સમાં હાલમાં બદલાતા વાતાવરણમાં વધારે વરસાદ સામે પાકને ટકાવી રાખવા અને પાણીની અછતની સ્થિતિમાં ખેતીમાં કેવા ફેરફાર કરી વધુ ઉત્પાદન લઈ શકાય? તે અંગે તજજ્ઞો દ્વારા માહિતી-માર્ગદર્શન અપાયું હતું. આ કોન્ફરન્સમાં અમેરિકાની ઓક્યો સ્ટેટ યુનિવર્સિટીના રતનલાલ કોલંબસે યુ.એસ.એ.ની વિશ્વ કાર્બન મેનેજમેન્ટ અને સીક્વેસ્ટેશન બાબતે વિસ્તૃત માહિતી-માર્ગદર્શન આપ્યું હતું. કોન્ફરન્સમાં કૃષિ ક્ષેત્રે ડ્રોન ટેકનોલોજી દ્વારા પાકનું રોગ નિવારણ વગેરે બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. આ તકે ડો.બી.વી. હુમ્મરને બાગાયતમાં નવીનતમ ટેકનોલોજી અને ખેડૂતોની જરૂરિયાતોને ધ્યાને લઈ ઉમદા કામગીરી કરવા બદલ સન્માનિત કરાયા હતા.

# ઉના શહેરમાં જરૂરિયાતમંદોને કપડાનું વિતરણ કરવામાં આવ્યું

ઉના, તા.૨૫



ઉના શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી 'એક દિવાળી માનવતાની' સંગઠન દ્વારા રામના વાડી વિસ્તારમાં જરૂરિયાતમંદોને કપડાનું તથા ચકલી ઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સંગઠન છેલ્લા ઘણા વર્ષોથી સેવાકાર્ય કરે છે, જેમાં ગરીબ અને મધ્યમ લોકો દિવાળી સારી રીતે ઉજવે અને તેના બાળકો પણ સારા કપડાં પહેરે, સારા ચપ્પલ પહેરે તે દિશામાં સેવાકાર્ય આ સંગઠન કરે છે. આ સેવાકાર્યમાં ધારાસભ્યથી લઈને અનેક રાજકારણીઓ મુલાકાત લેતા હોય છે અને તેમની સેવાને બિરદાવતા હોય છે.

# ઉના તુલસીશ્યામ રોડ પર વાહનોના મોટા અવાજ વાળા સાઈલેન્સરથી લોકો ત્રાહિમામ

ઉના, તા.૨૫



ઉના તુલસીશ્યામ રોડ ઉપર બેફામ ચાલી રહેલા છકડો રિક્ષાના મોટા અવાજ વાળા સાઈલેન્સરના અવાજથી લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. તંત્ર પણ મૌન થઈ કોઈ મોટા અકસ્માતની રાહ જોતું હોય તેવું લાગી રહ્યું છે. છકડો રીક્ષા ચલાવતા ડ્રાઈવરો મોટા આવાજ વાળા સાઈલેન્સર રાખી અને બેફામ ચલાવતા જોવા મળી રહ્યા છે. આ બેફામ છકડો રીક્ષાના કારણે મોટા અકસ્માતો બનતા હોવાની ઘટનાઓ ઘણીવાર સામે આવી છે. તંત્ર આવા બેફામ છકડો ચાલકો સામે યોગ્ય પગલા લેશે ? તેવી લોકમુખે ચર્ચા થઈ રહી છે.

# ડોળાસા ગામે શાળાના રોડ પર પાણીનો ભરાવો થતા વિદ્યાર્થીઓ પરેશાન

ડોળાસા તા.૨૫



તસ્વીર : અનિલ કાનાબાર

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે સતત વરસાદને કારણે ઠેર-ઠેર પાણી છલકાયા તથા ચોમાસું પાકને નુકસાન થવાથી ખેડૂતોને ભારે ફટકો પડ્યો છે. સાથે અહી એક શાળાના રોડ ઉપર પાણી ભરાતા વિદ્યાર્થીઓને એક એક ફૂટ પાણીમાંથી પસાર થવું પડે છે. ડોળાસા ગામે બાયપાસ ફોર ટ્રેક રોડનું કામ ચાલુ છે. અહી નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા નાનુ પુલીયું અને ગટરનું કામ હાથ ધરવામાં આવ્યું છે, પણ ગટરમાં વરસાદનું પાણી આગળ જતું નથી. આ પાણી સોમનાથ એકેડેમીના રોડ પર એક એક ફૂટ જમાં થતા આ શાળાના બાળકોને તેમાંથી પસાર થવું પડે છે. આ બંધીયાર પાણીના કારણે રોગચાળો ફેલાય તે પહેલાં નેશનલ હાઈવે દ્વારા તુરંત આ પાણીનો નિકાલ થાય અને વરસાદનું પાણી એકઠું ન થાય તેવી નક્કર કામગીરી હાથ ધરવામાં આવે તેવી શાળા સંચાલકો દ્વારા માંગ કરવામાં આવી છે.

# કોડીનારનાં બિલેશ્વર ખાંડ ઉદ્યોગને પુનઃ શરૂ કરવા સાધારણ સભા યોજાઈ

કોડીનાર, તા.૨૫



તસ્વીર : કૈલાશ ભટ્ટ

કોડીનારના છેલ્લા ૧૦ વર્ષથી બંધ પડેલ તાલુકાના જીવાદોરી સમાન શ્રી બિલેશ્વર ખાંડ ઉદ્યોગને પુનઃ શરૂ કરવા આજે ખાસ સાધારણ સભા મળી હતી. આ સભામાં નવી દિલ્હી સ્થિત ઈન્ડિયન પોટાશ લિ.ને લીઝ પર આપી ખાંડ ઉદ્યોગને પુનઃ શરૂ કરવા સર્વાનુમતે ઠરાવ કરાયો હતો. ગીરના ખેડૂતોની જીવાદોરી સમાન છેલ્લા એક દાયકાથી બંધ પડેલી ૧૨ હજાર ખેડૂત સભાસદોની માતૃસંસ્થા એવી શ્રી બિલેશ્વર ખાંડ ઉદ્યોગ ઈન્ડિયન પોટાશ લિ. સાથે ૩૦ વર્ષના ભાડા કરારથી પુનઃ શરૂ કરવા બાબતે ખાસ સાધારણ સભા આજે મિલના પટાંગણમાં ચેરમેન પી.એસ. ડોડિયાની અધ્યક્ષતામાં મળી હતી. સંસ્થાના એમ.ડી. રાજનભાઈ વૈશએ ફેકટરીને લીઝ ઉપર આપી ફરીથી શરૂ કરવા સહિતના મુદા જણાવ્યા હતા. જેમાં સભાસદોના પ્રશ્નોના જવાબો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ સભાએ આપેલા અધિકાર મુજબ ઈન્ડિયન પોટાશને વહેલી તકે લીઝ ઉપર આપી ફેકટરી પુનઃ શરૂ કરવા સર્વે હક્કો ચેરમેનને આપી ખાંડ ઉદ્યોગને ફરી ધમધમતો કરવા સભાએ એકસૂરે ઠરાવ કર્યો હતો. આ તકે ચેરમેન પી.એસ. ડોડિયાએ જણાવ્યું હતું કે આપણી આ માતૃસંસ્થાને વહેલી શરૂ કરવી એજ આપણું મુખ્ય લક્ષ્ય રહ્યું હતું.


**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી/અરજી નં.૨૨૬/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** હરિભાઈ કાળાભાઈ દેવાણી
રહે. બાઢડા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી બાઢડા , તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી કમળાબેન હરિભાઈ દેવાણીનો જન્મ તા.૧૦/૧૦/૧૯૬૨ ના રોજ મુ.બાઢડા,જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી/અરજી નં.૨૪૦/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** શંભુભાઈ હિરજીભાઈ કોઠીયા
રહે. કૃષ્ણગઢ, તા. સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી કૃષ્ણગઢ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે,અરજદારશ્રીની ભત્રીજી પુષ્પાબેન બાબુભાઈ કોઠીયાનો જન્મ તા.૦૧/૦૭/૧૯૬૬ના રોજ મુ.કૃષ્ણગઢ,જી.અમરેલી મુકામે થયેલ.પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.


સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

લગભગ ૪૦ ટકા અસ્થાયી માળખાં અને થાણા દૂર કરવામાં આવ્યા

# એલએસી પર પરિસ્થિતિ સુધરી, ભારત અને ચીનની સેનાએ પીછેહટ કરી

નવીદિલ્હી,તા.૨૫

ભારત અને ચીન વચ્ચેની સમજૂતી બાદ પૂર્વી લદ્દાખની સ્થિતિમાં સુધારો થયો છે. બંને દેશોની સેનાએ પીછેહટ શરૂ કરી દીધી છે. ડેપસાંગ અને ડેમચોકમાં સ્થાનિક કમાન્ડર સ્તરની બેઠકો મંગળવાર, ૨૨ ઓક્ટોબરથી શરૂ થઈ હતી. આ બેઠકમાં બંને દેશો વચ્ચે સહમતી સધાઈ હતી અને હવે



સેનાઓ પીછેહટ કરવા લાગી છે. બુધવારે ડેમચોકમાં બંને તરફથી એક-એક ટેન્ટ હટાવવામાં આવ્યા હતા. ગુરુવારે કેટલાક કામચલાઉ બાંધકામો પણ તોડી પાડવામાં આવ્યા હતા. આજ સવાર સુધીમાં, ચીની સેના અને ભારતીય સૈન્ય દ્વારા લગભગ ૪૦ ટકા અસ્થાયી માળખાં અને થાણા દૂર કરવામાં આવ્યા છે. આજે બંને પક્ષો ડેમચોક અને ડેપસાંગ ખાતે ભૌતિક ચકાસણી અને એરિયલ રેકોર્ડિંગ કરી શકશે. અહીં અથડામણ થઈ હતી.ચીની અને ભારતીય સેનાના બે કમાન્ડરો વચ્ચે હોટલાઈન વાતચીત થઈ હતી, જેમાં પ્રક્રિયા પર ચર્ચા થઈ હતી. આ પછી, સ્થળનું વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું બાજુએ પીછેહટ કરી રહ્યા છે અને ચીનના સૈનિકો બીજી તરફ આગળ વધી રહ્યા છે. ડ્રેઈન એટલે કે પૂર્વ તરફ જવું. બંને બાજુ ૧૦-૧૨ જેટલા હંગામી સ્ટ્રક્ચર્સ બનાવવામાં આવ્યા છે.

તપાસમાં પુષ્ટિ મળી છે કે ધમકી એક અફવા હતી

# તિરુપતિમાં ૩ હોટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, ડ્રગ રેકેટના કિંગપિનના નામે ઈમેલ

તિરુપતિ,તા.૨૫

આંધ્રપ્રદેશના તિરુપતિમાં ૩ હોટલ સામે બોમ્બની ધમકી મળી છે. ઈમેલ દ્વારા ધમકીઓ આપવામાં આવી હતી. ઈમેલ જાઈને હોટલ સંચાલકોએ પોલીસને બોલાવી હતી. માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે ડોગ્સ અને બોમ્બ સ્ક્વોડ સાથે મળીને હોટલોના



દરેક ખૂણે-ખૂણે તપાસ કરી હતી, પરંતુ કંઈપણ શંકાસ્પદ મળ્યું ન હતું. તપાસમાં પુષ્ટિ મળી છે કે ધમકી એક અફવા હતી, જેનો હેતુ માત્ર ગભરાટ ફેલાવવાનો હતો. જેની આ વર્ષે ફેબ્રુઆરીમાં ધરપકડ કરવામાં આવી હતી અને અલીપીરી વિસ્તારમાં આવેલી ત્રણ ખાનગી હોટલોને ગુરુવારે સાંજે ઈમેલ સીએમનો સમાવેશ થાય છે. આ ઈમેલ ગુરુવાર ૨૪ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ સાંજે ૫.૩૦ વાગ્યાની આસપાસ હોટલોને મોકલવામાં આવ્યા હતા.

ઈમેલમાં કહેવામાં આવ્યું છે કે જાફર સાદિકની ધરપકડથી આંતરરાષ્ટ્રીય દબાણ વધ્યું છે.

# ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી મધુ કોડાને ઝટકો, વિધાનસભાની ચૂંટણી લડી શકશે નહીં

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

કોલસા કૌભાંડ કેસમાં દોષિત ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી મધુ કોડાને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે મધુ કોડાની સજા પર સ્ટે આપવાનો ઈન્કાર કરી દીધો છે. તેને નીચલી અદાલતે ત્રણ વર્ષની જેલની સજા ફટકારી છે. તેઓ આ સજા પર પ્રતિબંધની માંગ કરી રહ્યા હતા. સુપ્રીમ કોર્ટે સજા પર સ્ટે આપવાનો ઈન્કાર કરી દીધો છે. હવે તે વિધાનસભાની ચૂંટણી લડી શકશે નહીં. મધુ કોડાએ નીચલી અદાલતે આપેલી ત્રણ વર્ષની સજા સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. કોડાએ દિલ્હી હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. મધુ કોડા ઝારખંડ વિધાનસભા ચૂંટણી લડવા માંગતા હતા. આ પહેલા દિલ્હી હાઈકોર્ટે પણ તેમની અરજી ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે અરજદાર માત્ર એ આધાર પર નિર્ણય પર રોક લગાવવા માંગે છે કે તે ચૂંટણી લડી શકે છે, જે યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટની બેન્ચે આ કેસમાં સીબીઆઈ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ આર.એસ.ચીમાને કોર્ટના અગાઉના નિર્ણયો પર ધ્યાન આપવા જણાવ્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે સજા સ્થગિત કરવાનો અવકાશ જામીનના કેસોમાં નિર્ધારિત અવકાશથી અલગ છે. ચીમા સુપ્રીમ કોર્ટના પ્રથમ નિર્ણયને જોવા માટે સંમત થયા હતા. આ પહેલા ૧૮ ઓક્ટોબરે દિલ્હી હાઈકોર્ટે દોષિત ઠેરવવા પર સ્ટે માંગતી મધુ કોડાની અરજી ફગાવી દીધી હતી. સીબીઆઈએ કોડાની અરજીનો વિરોધ કરતા કહ્યું કે તે વિચારવા લાયક નથી. ૧૩ ડિસેમ્બર, ૨૦૧૭ ના રોજ, નીચલી અદાલતે ઝારખંડના ભૂતપૂર્વ સીએમ મધુ કોડા, ભૂતપૂર્વ કોલસા સચિવ એચસી ગુપ્તા, રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય સચિવ એ બાસુ અને મધુ કોડાના નજીકના સહયોગી વિજયો જાસીને ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી. આ કેસ કોલકાતા સ્થિત કંપની વિની આયર્ન એન્ડ સ્ટીલ ઉદ્યોગ લિમિટેડને ઝારખંડમાં રાજહરા નોર્થ કોલ બ્લોકની ખોટી રીતે ફાળવણી સાથે સંબંધિત છે.



# એનસીપીએ બાબા સિદ્દીકીના પુત્ર જીશાન સહિત બે પૂર્વ સાંસદોને ટિકિટ આપી

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૫

અજિત પવારની પાર્ટી એનસીપીએ મહારાષ્ટ્ર ચૂંટણી માટે તેના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. આ યાદીમાં સાત ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. યાદી હેઠળ પાર્ટીએ બાંદ્રા ઈસ્ટથી બાબા સિદીકીના પુત્ર જીશાન સિદીકીને ઉમેદવાર બનાવ્યો છે. એનસીપીએ



પોતાના ઉમેદવાર તરીકે ઈસ્લામપુરથી નિશિકાંત પાટીલ અને અનુશક્તિ નગરથી સના મલિકને મેદાનમાં ઉતાર્યા છે. ઉલ્લેખનીય છે કે સના મલિક કલંકિત એનસીપી નેતા નવાબ મલિકની પુત્રી છે. એનસીપીની આ યાદીમાં સહયોગી ભારતીય જનતા પાર્ટીના બે પૂર્વ સાંસદોના નામ પણ છે.નાંદેડથી લોકસભા ચૂંટણી હારેલા ભાજપના પૂર્વ સાંસદ પ્રતાપ ચિખલીકરને લોહા વિધાનસભા બેઠક પરથી એનસીપીના ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. એનસીપીએ ભાજપના પૂર્વ સાંસદ સંજય કાકા પાટીલને પણ ટિકિટ આપી છે. તેઓ શુક્રવારે એનસીપીમાં પણ જોડાયા હતા.

# આદિત્ય ઠાકરે સામે રાજ્યસભા સાંસદ મિલિંદ દેવરા ચૂંટણીના મેદાનમાં

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૫

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ઘણી બેઠકો પર ખૂબ જ રસપ્રદ મુકાબલો જોવા મળી રહ્યો છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળના શિવસેના જૂથે વરલીથી રાજ્યસભાના સાંસદ મિલિંદ દેવરાને ટિકિટ આપી છે. શિવસેના (યુબીટી)ના ઉમેદવાર આદિત્ય ઠાકરે દેવરા સામે ચૂંટણી મેદાનમાં છે. આગામી વિધાનસભા ચૂંટણી



માટે દેવરાના નામની જાહેરાત આદિત્ય ઠાકરેએ ઉમેદવારી નોંધાવ્યાના એક દિવસ બાદ કરવામાં આવી છે. વિધાનસભા માટે ૨૦ નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન થશે અને ૨૩ નવેમ્બરે મતગણતરી થશે.

# સંજીવ ખન્ના સુપ્રીમ કોર્ટના ૫૧મા ચીફ જસ્ટિસ તરીકે ૧૧ નવેમ્બરે પદ અને ગોપનીયતાના શપથ લેશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

જસ્ટિસ સંજીવ ખન્ના સુપ્રીમ કોર્ટના ૫૧મા ચીફ જસ્ટિસ હશે. તેઓ ૧૧ નવેમ્બરે પદ અને ગોપનીયતાના શપથ લેશે. કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે આ માહિતી આપી હતી. સીજેઆઈ ડીવાય ચંદ્રચુડે જસ્ટિસ ખન્નાના નામની સરકારને ભલામણ કરી હતી. ચંદ્રચુડ ૧૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ નિવૃત્ત થશે. પરંપરા મુજબ વર્તમાન સીજેઆઈ તેમના અનુગામીના નામની ભલામણ ત્યારે જ કરે છે જ્યારે તેમને કાયદા મંત્રાલય દ્વારા આવું કરવાની વિનંતી કરવામાં આવે. સીજેઆઈ ચંદ્રચુડ બાદ જસ્ટિસ સંજીવ ખન્નાનું નામ વરિષ્ઠતા યાદીમાં છે. તેથી જસ્ટિસ ખન્નાનું નામ આગળ કરવામાં આવ્યું હતું. જો કે તેમનો કાર્યકાળ માત્ર ૬ મહિનાનો રહેશે. ૬૪ વર્ષીય જસ્ટિસ ખન્ના ૧૩ મે, ૨૦૨૫ના રોજ નિવૃત્ત થશે. સુપ્રીમ કોર્ટના જજ તરીકે જસ્ટિસ ખન્નાએ ૬૫ ચુકાદાઓ લખ્યા છે અને તેઓ લગભગ ૨૭૫ બેન્ચનો ભાગ રહ્યા છે.

# દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે યુપીના લોકો માટે અનેક જાહેરાતો કરી

(એ.આર.એલ),લખનૌ,તા.૨૫

દિવાળીનો તહેવાર નજીક છે. તમામ રાજ્ય સરકારો તેમના કર્મચારીઓ અને રાજ્યના લોકોને દિવાળીની ભેટ આપી રહી છે. કેટલાકે ગેસ સિલિન્ડર ફ્રી કર્યા છે તો કેટલાકે ૨૪ કલાક વીજળી આપવાની જાહેરાત કરી છે. યુપીના લોકો માટે પણ સારા સમાચાર છે. જ્યારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કર્મચારીઓ માટે પહેલા બોનસની જાહેરાત કરી હતી, ત્યારે હવે તેમણે



રાજ્યના લોકોને દિવાળીની ભેટ પણ આપી છે. યુપીમાં ૨૮ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર સુધી એક મિનિટ માટે પણ પાવર કટ નહીં થાય. ૨૪ કલાક વીજળી રહેશે. ઉજ્જવલા ગેસ કનેક્શન ધરાવતા લોકોને ફ્રી સિલિન્ડર મળશે. ગયા ગુરુવારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આગામી દિવાળીના તહેવારને લઈને રાજધાની લખનૌમાં એક બેઠક યોજી હતી. આ દરમિયાન તેમણે સરકાર અને વહીવટી અધિકારીઓને જરૂરી નિર્દેશો આપ્યા હતા. સીએમ યોગીએ કહ્યું કે રાજ્યમાં રક્ષાબંધન, જન્માષ્ટમી, દુર્ગા પૂજા, દશેરા કે મોહરમ વગેરે તહેવારો પર વાતાવરણ ખૂબ સારું હતું. બહેતર ટીમવર્ક અને લોકોના સહકારને કારણે આ શક્ય બન્યું. આગામી દિવસોમાં ધનતેરસ, અયોધ્યા દીપોત્સવ, દીપાવલી, ગોવર્ધન પૂજા, ભાઈ દૂજ, દેવોત્થાન એકાદશી, વારાણસી દેવ દીપાવલી અને છઠ મહાપર્વ જેવા વિશેષ તહેવારો છે. આ ઉપરાંત આ સમયગાળા દરમિયાન અયોધ્યામાં પંચકોસી, ૧૪ કોસી પરિક્રમા, કાર્તિક પૂર્ણિમા સ્નાન વગેરે મેળાઓનું પણ આયોજન કરવામાં આવે છે.

ડોનાલ્ડ ટ્રમ્પની જીતની સંભાવના ૪૮ ટકા જ્યારે કમલા હેરિસની માત્ર ૪૫ ટકા

# મતદાનના ૧૦ દિવસ પહેલા હેરિસને આંચકો લાગ્યો : નેશનલ સર્વેમાં ટ્રમ્પને લીડ

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૨૫

અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીને આડે માત્ર બે અઠવાડિયા બાકી છે અને તે પહેલા જ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર કમલા હેરિસને મોટો ઝટકો લાગ્યો છે. હવે નવા સર્વેમાં ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રીય સ્તરે કમલા હેરિસ પર થોડી લીડ મેળવી છે. વોલ સ્ટ્રીટ જર્નલના નવા સર્વેમાં આ દાવો કરવામાં આવ્યો



છે. પોલિટિકોના એક નવા રિપોર્ટ અનુસાર, ૫ નવેમ્બરે રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા કરવામાં આવેલા આ સર્વેમાં ડોનાલ્ડ ટ્રમ્પ હવે જીતના મામલે કમલા હેરિસ કરતા લગભગ બે ટકા આગળ છે.

# પાકિસ્તાનના પંજાબમાં સુરક્ષાદળોના હાથે ૧૦ આતંકવાદીઓ ઠાર

(એ.આર.એલ),લાહોર,તા.૨૫

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. સુરક્ષા દળોએ તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના ૧૦ આતંકવાદીઓને ઠાર કર્યા છે. પાકિસ્તાની પોલીસે જણાવ્યું હતું કે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ભીષણ ગોળીબાર થયો હતો, ત્યારબાદ કાયદા અમલીકરણ એજન્સીઓએ પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન જૂથના ઓછામાં ઓછા ૧૦ આતંકવાદીઓને મારી નાખ્યા હતા. સુરક્ષા દળોએ માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી હથિયારો, દારૂગોળો અને વિસ્ફોટકો જપ્ત કર્યા છે.


પાકિસ્તાની પોલીસ પ્રવક્તાએ કહ્યું કે ૧૦ થી ૧૫ આતંકવાદીઓની હાજરી અંગે ગુપ્તચર અહેવાલ મળ્યો હતો.

બાબા સિદીકીની હત્યા કેસમાં અનમોલ બિશ્નોઈનું નામ પણ સામે આવ્યું છે

# લોરેન્સ બિશ્નોઈના ભાઈ પર ૧૦ લાખનું ઈનામ જાહેર કરાયું

નવીદિલ્હી,તા.૨૫

એનઆઈએએ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ પર ૧૦ લાખ રૂપિયાનું ઈનામ રાખ્યું છે. મળતી માહિતી મુજબ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો ભાઈ અનમોલ કેનેડા અને અમેરિકામાં બેસીને આ ગેંગને ચલાવી રહ્યો છે. બાબા સિદીકીની હત્યા કેસમાં અનમોલ



બિશ્નોઈનું નામ પણ સામે આવ્યું છે. આ હત્યા કેસના શૂટર્સ અનમોલ બિશ્નોઈના સંપર્કમાં હતા. અનમોલ બિશ્નોઈએ સલમાન ખાનના ઘરે ફાયરિંગની જવાબદારી પણ લીધી છે. ૧૫ એપ્રિલે સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ થયું હતું.સૂત્રો મુજબ અનમોલ બિશ્નોઈએ બે શૂટર્સ વિકી ગુપ્તા અને સાગર પાલને કહ્યું હતું કે જ્યારે તેઓ અભિનેતાના ઘર પર હુમલો કરશે ત્યારે તેઓ ઈતિહાસ રચશે.

# બિગ બી અને અભિષેક બચ્ચને મુંબઈમાં કરોડોની કિંમતના ફ્લેટની કરી ખરીદી

મુંબઈ, તા.૨૫

મુંબઈના મુલુંડમાં અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચને ખરીદેલી આ પ્રોપર્ટીની કિંમત લગભગ ૨૫ કરોડ રૂપિયા છે. સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર, આ માહિતી સ્ક્વેર યાર્ડ્સમાં જમા રજીસ્ટ્રેશન દસ્તાવેજોમાંથી મળી છે. આ ૧૦ એપાર્ટમેન્ટ ૧૦,૨૧૬ સ્ક્વેર ફૂટમાં ફેલાયેલા છે. પાર્કિંગની વાત કરીએ તો તેમાં



૨૦ કાર પાર્કિંગ માટે જગ્યા છે. રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટે ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમિતાભ બચ્ચન અને તેમના પુત્રએ મુંબઈના મુલુંડ પશ્ચિમ વિસ્તારમાં રૂ. ૨૪.૯૫ કરોડની મિલકત ખરીદી છે. સ્ક્વેર યાર્ડ્સે જણાવ્યું હતું કે તેણે નોંધણી દસ્તાવેજોની સમીક્ષા કરી છે. કુલ દસ ફ્લેટમાંથી, આઠ એપાર્ટમેન્ટ્સનું ક્ષેત્રફળ ૧,૦૪૯ ચોરસ ફૂટ છે અને બે એપાર્ટમેન્ટ્સ ૯૧૨ ચોરસ ફૂટનું ક્ષેત્રફળ ધરાવે છે. આ પ્રોપર્ટી ડીલ પર કુલ રૂ. ૧.૫૦ કરોડની સ્ટેમ્પ ડ્યુટી લાદવામાં આવી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અભિષેક બચ્ચને આમાંથી છ એપાર્ટમેન્ટ્સ ૧૪.૭૭ કરોડ રૂપિયામાં ખરીદ્યા હતા અને અમિતાભ બચ્ચને બાકીના ચાર એપાર્ટમેન્ટ્સ ખરીદ્યા હતા.

# પુણે ટેસ્ટમાં બીજા દાવમાં ન્યૂઝીલેન્ડના ૫ વિકેટે ૧૯૮ રન, ભારત પર ૩૦૦થી વધુ રનની લીડ

(એ.આર.એલ),પુણે,તા.૨૫

પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડે પ્રથમ દાવમાં ૨૫૯ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ટીમ ઈન્ડિયા બીજા દિવસે માત્ર ૧૫૬ રનમાં જ સમેટાઈ ગઈ હતી.

ટોમ લાથમ અને ડેવોન કોનવેએ બીજા દાવમાં ન્યૂઝીલેન્ડ માટે ઈનિંગ્સની શરૂઆત કરી હતી પરંતુ તેઓ પ્રથમ વિકેટ માટે માત્ર ૩૬ રન જ ઉમેરી શક્યા હતા. વોશિંગ્ટન સુંદરે ૧૭ રનના વ્યક્તિગત સ્કોર



પર ડેવોન કોનવેને પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો. આ પછી વિલ યંગ પણ ટીમના ૭૮ રનના સ્કોર પર ૨૩ રનનું યોગદાન આપીને વિદાય થયો હતો. આ વખતે રચિન રવિન્દ્ર પણ નિરાશ થયો અને વોશિંગ્ટન સુંદરને પોતાની વિકેટ ભેટમાં આપીને પેવેલિયન પરત ફર્યો. આ રીતે ન્યૂઝીલેન્ડે ૯૦ રનમાં ૩ વિકેટ ગુમાવી દીધી હતી. ચાના વિરામ બાદ લાથમે પોતાની અડધી સદી પૂરી કરી હતી. ટોમ લાથમ તેની સદીની ખૂબ નજીક આવી ગયો હતો પરંતુ દિવસની રમત પૂરી થાય તે પહેલા તેની વિકેટ ગુમાવી દીધી હતી. વોશિંગ્ટન સુંદરે તેને ૮૬ રનના સ્કોર પર પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો. ભલે લાથમ સદી ચૂકી ગયો, પરંતુ તેણે પોતાની ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી. દિવસની રમતના અંતે ન્યુઝીલેન્ડે ૫ વિકેટ ગુમાવીને ૧૯૮ રન બનાવી લીધા હતા. ભારત પર ન્યૂઝીલેન્ડની લીડ ૩૦૧ રન પર પહોંચી ગઈ છે.

**અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના લગભગ ૧૬૦૦ જેટલા વિકાસકાર્યોનો સમાવેશ**

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમરેલી ખાતે ૪૮૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

(એ.આર.એલ),અમરેલી,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓક્ટોબરના રોજ ગુજરાત આવી રહ્યા છે. તેમના આગામી ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ અમરેલી જિલ્લા ખાતે ૪૮૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે, જેમાં અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના લગભગ ૧૬૦૦ જેટલા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. મોદી ૭૦૫ કરોડના પાણી પુરવઠા વિભાગના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેઓ અમરેલી જિલ્લાની ગાગડિયો નદી પર ૩૫ કરોડના ખર્ચે નિર્મિત ભારતમાતા સરોવરનું લોકાર્પણ કરશે. આ સાથે જ તેઓ, જળસંચય વિભાગ હેઠળ ૨૦ કરોડના પિટ રિચાર્જ, બોર રિચાર્જ અને કૂવા રિચાર્જના ૧૦૦૦ કામોનું ખાતમુહૂર્ત અને ૫૯૦ કામોનું લોકાર્પણ પણ કરશે. વડાપ્રધાન ૨૮૦૦ કરોડથી વધુના નેશનલ હાઈવે ઓથોરિટી ઑફ ઈન્ડિયાના વિવિધ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. વધુમાં, ૧૦૯૪ કરોડના ખર્ચે રેલવે વિભાગ હેઠળ ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી



૨૮ ઓક્ટોબરે અમરેલી જિલ્લા ખાતેથી ૭૦૫ કરોડના પાણી પુરવઠા વિભાગના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે, જેમાં ૧૧૨ કરોડના કાર્યોનું ખાતમુહૂર્ત અને ૬૪૪ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. આ વિકાસકાર્યોમાં બોટાદ જિલ્લા માટે નાવડાથી ચાવંડ બલ્ક પાઈપલાઈનનું લોકાર્પણ તેમજ ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની પસવી જૂથ ઓગમેન્ટેશન પાણી પુરવઠા યોજના ભાગ-૨ના કામોના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. નાવડાથી ચાવંડ બલ્ક પાઈપલાઈન પ્રોજેક્ટના પૂર્ણ થવાથી બોટાદ, અમરેલી, જૂનાગઢ, રાજકોટ અને પોરબંદર જિલ્લાના ૧૨૯૮ ગામો અને ૩૬ શહેરોના લગભગ ૬૭ લાખ લાભાર્થીઓને વધારાનું ૨૮ કરોડ લીટર પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. જ્યારે, ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની સ્કીમો હેઠળ જિલ્લાના મહુવા, તળાજા અને પાલીતાણા તાલુકાના ૯૫ ગામોને આવરી લેવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓક્ટોબરના રોજ અમરેલી ખાતે ૨૮૧૧ કરોડના નેશનલ હાઈવે ઓથોરિટી ઑફ ઈન્ડિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે, જેમાં ૨૧૮૫ કરોડના ૪ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ૬૨૬ કરોડના એક વિકાસકાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

**હવાલા નેટવર્કથી રોકડની હેરફેર થતી હોવાની આશંકા**

## વાવ વિધાનસભાની પેટાચૂંટણી વચ્ચે માવલ ચેકપોસ્ટ પરથી ૭ કરોડથી વધુ રોકડ ઝડપાઇ

(એ.આર.એલ),પાલનપુર,તા.૨૫

બનાસકાંઠા જિલ્લાની વાવ વિધાનસભાની પેટાચૂંટણી નવેમ્બર મહિનામાં યોજાવાની છે. ત્યારે બનાસકાંઠાના અમીરગઢ પાસેની માવલ ચેકપોસ્ટ પાસેથી રોકડ ઝડપાવાની ઘટના સામે આવી છે. ૭ કરોડથી વધુ રોકડ સાથે મહેસાણાના ૨ શખ્સ ઝડપાયા હતા. હવાલા નેટવર્કથી રોકડની હેરફેર થતી હોવાની



આશંકા છે. પ્રાથમિક તપાસમાં ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. આરોપીઓને કાર અને હવાલાના નાણાં દિલ્લીના ધોળાકુવામાં અપાયા હતા.


ઝડપાયેલા આરોપીઓએ અમદાવાદમાં કાર અને નાણાંની ડિલિવરી કરવાની હોવાનો ખુલાસો કર્યો હતો. કારમાં ચાલકની સીટ અને તેની બાજુની સીટની નીચે રુપિયા સંતાડ્યા હતા. આબુ રોડના રિકો પોલીસની બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. આરોપીઓ પાસેથી મળેલી રોકડ અંગે આવકવેરા વિભાગને પણ જાણ કરવામાં આવી છે. રાજસ્થાન પોલીસ ઝડપાયેલી કાર અને આરોપીને રિકો પોલીસ સ્ટેશન લઈ ગઈ છે.

**નકલી આધારકાર્ડ સહિતના દસ્તાવેજો બનાવી રહેતા હતા**

## અમદાવાદમાં ગેરકાયદેસર રહેતા ૫૦ જેટલા બાંગ્લાદેશીઓની પોલીસે અટકાયત કરી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૫

અમદાવાદમાં ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. ક્રાઈમ બ્રાન્ચે ૫૦ જેટલા બાંગ્લાદેશીઓની અટકાયત કરી છે. તપાસ દરમિયાન ઘણા દસ્તાવેજો નકલી હોવાનું બહાર આવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચે ૨૦૦થી વધુ શકમંદોની પૂછપરછ કરી હતી અને અનેક લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી કરી હોવાનું રિપોર્ટમાં બહાર આવ્યું છે. પ્રાથમિક માહિતી એવી છે કે ક્રાઈમ બ્રાન્ચે લગભગ ૫૦ બાંગ્લાદેશીઓને અટકાયતમાં લીધા છે. આ લોકો શહેરમાં ગેરકાયદેસર રીતે રહેતા હતા. અમદાવાદ ડીસીપી ક્રાઈમ બ્રાન્ચ અજિત રાજિયને જણાવ્યું કે આ કેસમાં ૨૦૦ થી વધુ લોકોની પૂછપરછ કરવામાં આવી છે. ભારતમાં ગેરકાયદેસર




રીતે ઘૂસણખોરી કરતા પકડાયેલા વિદેશી નાગરિકો, ભારતમાં ખોટી પ્રવૃત્તિઓ કરતા પકડાયેલા વિદેશી નાગરિકો અથવા ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા વિદેશી નાગરિકોના કેસો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૫૦ જેટલા બાંગ્લાદેશીઓની અટકાયત કરી છે. મળતી માહિતી મુજબ અમદાવાદમાં ૨૦૦ જેટલા શકમંદોની પૂછપરછ કર્યા બાદ જાણવા મળ્યું હતું કે અમદાવાદમાં ૫૦ જેટલા બાંગ્લાદેશીઓ નકલી અને બનાવટી દસ્તાવેજો દ્વારા ગેરકાયદેસર રીતે રહે છે.

## આદિવાસી સમાજ નારાજ થતા લોક કલાકાર રાજભા ગઢવીએ માફી માંગી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૫

જંગલમાં રહેતા આદિવાસી સમાજ પર ટિપ્પણી કરતા લોક કલાકાર રાજભા ગઢવીને હવે પોતાની ભૂલનું ભાન થયું છે. રાજભા ગઢવીએ વિવાદનો અંત લાવવા માટે પોતે કરેલા નિવેદન પર દિલગીરી વ્યકત કરી. તેમણે સમાજની લાગણી દુભાવવાને કારણે માફી માંગી છે. રાજભા ગઢવીએ વનબંધુઓ આદિવાસી ભાઈઓ અને સમાજની સામે



વીડિયો મારફતે દિલગીરી વ્યક્ત કરી છે. તેમણે વીડિયોમાં જણાવ્યું કે, હું આદિવાસી સમાજની વિરુદ્ધમાં નથી બોલ્યો, કોઈ ભૂતકાળની ઘટનાને લઈને એક પ્રાંત વિશે વાત કરી છે. લોક સાહિત્યકાર તરીકે આદિવાસી સમાજની અનેક અજાણી અદભુત વાતો લોકસાહિત્ય મારફતે બહાર લાવવામાં નિમિત્ત બન્યો છું. હું પણ ગીરનો વનબંધુ છું. હું કેવી રીતે ડાંગના વનબંધુનું ખરાબ બોલી શકું. આમ છતાં કોઈ પણ આદિવાસી કે ડાંગ વિસ્તારના લોકોની લાગણીને ઠેસ પહોંચી હોય તો હું દિલગીરી વ્યક્ત કરું છું.

## મોરબીમાં બાંધકામની મંજૂરી માટે ૫૦ હજારની લાંચ લેતા તલાટી સહિત બે ઝડપાયા

મોરબી,તા.૨૫



બાંધકામની મંજૂરી માટે ૫૦ હજાર રૂપિયાની લાંચ લેતા મોરબીના ઘુટુ ગામના સરપંચના પતિ અને તલાટી કમ મંત્રીની એસીબીએ ધરપકડ કરી હતી. આ બનાવની વિગત મુજબ ફરિયાદીને મોરબી તાલુકાના ઘુટુ મામમાં બિનખેતી થયેલા આશરે ૪ વિઘાના પ્લોટ પર લાકડાની બનાવટ બનાવવાનું યુનિટ ઉભુ કરવું હતું. આ જગ્યા પર બાંધકામ માટે ઘુટુ ગ્રામ પંચાયત પાસે મંજૂરી મેળવવા ગયા હતા. જ્યાં તલાટી કમ મંત્રી હિમલ એસ. ચંદ્રોલા અને ઘુટુ ગામના સરપંચના પતિ દેવજી એચ. પરેચાએ બાંધકામની મંજૂરી પેટે રૂ,૫૦,૦૦૦ ની લાંચ માંગી હતી. જોકે ફરિયાદી લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે એન્ટી કરપ્શન બ્યુરોમાં ફરિયાદ નોંધાવી હતી.

## સોમનાથમાં બુલડોઝરની કાર્યવાહી સામે મુસ્લિમ પક્ષને કોર્ટ તરફથી કોઈ રાહત નહીં

ગીરસોમનાથ, તા.૨૫

ગીર સોમનાથ જિલ્લામાં આવેલ સુપ્રસિદ્ધ સોમનાથ ખાતે ગેરકાયદે બાંધકામ, દબાણો ઉપર હાથ ધરાયેલ બુલડોઝર એક્શન કેસમાં, આજે શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. આ સુનાવણી દરમિયાન અરજદારની ધારદાર દલીલો છતાં, સર્વોચ્ચ અદાલતે અરજદાર તરફે કોઈપણ આદેશ આપવાનો ઈન્કાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ સરકારી જમીન છે. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે કહ્યું કે, જમીનનો કબજો આગામી આદેશ સુધી સરકાર



પાસે જ રહેશે અને તે કોઈ ત્રીજા પક્ષને ફાળવવામાં આવશે નહીં. મુસ્લિમ પક્ષ વતી દલીલો રજૂ કરતાં કપિલ સિબ્બલે કહ્યું કે, આ સંરક્ષિત સ્મારકો છે. કોઈપણ તૃતીય પક્ષના અધિકારો નથી. તેના પર જસ્ટિસ ગવઈએ કહ્યું કે તૃતીય પક્ષના અધિકારો શું છે? આ સરકારી જમીન છે. હાઈકોર્ટ આ બાબતથી વાકેફ છે. સિબ્બલે કહ્યું કે આ તમારા આદેશનું અપમાન છે.




**વાવ બેઠક પર કોંગ્રેસ ઉમેદવાર તરીકે ગુલાબસિંહ રાજપૂત**



(એ.આર.એલ),પાલનપુર,તા.૨૫


ખાલી પડેલી વાવ વિધાનસભાની પેટાચૂંટણી માટે કોંગ્રેસે ગુલાબસિંહ રાજપૂતનું નામ જાહેર કર્યુ છે. કોંગ્રેસ ઉમેદવારને ટિકિટ આપવામાં આવી છે. બનાસકાંઠાની વાવ વિધાનસભાની પેટાચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ છે. ભાજપે હજુ ઉમેદવારના નામની જાહેરાત કરી નથી. કોંગ્રેસ ૪ ઉમેદવારો ગુલાબસિંહ રાજપૂત, ઠાકરશી રબારી, કે.પી. ગઢવી અને ભાવાજી ઠાકોરમાંથી કોઈ એકને ટિકિટ આપશે તેમ જણાઈ રહ્યું હતું.

**દારૂ લઈ જતા લોકોનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો**

## દારૂ ભરેલી વાન પલટતાં લીંબડી-રાજકોટ હાઈવે પર દારૂ લેવા પડાપડી

રાજકોટ, તા.૨૫

ગુજરાતમાં આમ તો દારૂબંધી છે, પરંતુ એ કાગળ પર જ સીમિત રહી હોય એ રીતે રોજબરોજ લાખો રૂપિયાનો દારૂ પકડાઈ રહ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી-રાજકોટ હાઈવે પર દારૂ ભરેલી પિકઅપ વાન પલટી જતાં દારૂબંધીના ધજાગરા ઉડાવતાં દશ્યો જોવા મળ્યાં હતાં. દારૂ ભરેલી પિકઅપ વાન પલટી જતાં કેટલાક પ્યાસીઓ આફતમાં અવસર શોધી લીધો હોય એમ દારૂની બોટલ લેવા પડાપડી કરતા હોય એવો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. કેટલાક લોકોએ એક-બે બોટલ લીધી તો કેટલાક તો આખેઆખી પેટી જ ઉઠાવી જતા જોવા મળ્યા



હતા. દારૂ લેવા માટે પડાપડી કરી રહેલા લોકોને જે વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે એ વીડિયો લીંબડી-રાજકોટ હાઈવે પર આવેલા વસ્તડી ગામ પાસેનો છે. અહીં કોઈ કારણોસર દારૂ ભરેલી પિકઅપ વાન પલટી ગઈ હતી, જેના કારણે રસ્તા પર દારૂની રેલમછેલ સર્જાઈ હતી. આ સમયે જ અહીંથી પસાર થતા કેટલાક વાહનચાલકોએ તક ઝડપી લીધી હતી અને રસ્તા પર જ પોતાનાં વાહનોને બ્રેક લગાવી અકસ્માતગ્રસ્ત વાનમાંથી દારૂની બોટલો અને પેટીઓ લેવા પડાપડી કરી હતી.







